જરથોસ્તી ફર્જીયાત.

છપનાર,

ન. ફ. ભીલીમોરીઆ.

જરથોસ્તી ફરજીયાત.

["એક જરથોસ્તીએ પોતાની જીંદગી કેમ ગુજારવી."]

ત્રીજી આવૃતિ.

લખનાર

નશરવાનજી ફરામજી બીલીમોરીયા.

પ્રગટ કરનાર

ચેરાગ ઑફીસ, કોટ, મુંબઇ.

૧૯૧૧.

આ ચોપડી સોહરાબ ન૦ ફ૦ બીલીમોરીયા પ્રીન્ટરે
સૅરાબ પ્રીન્ટીંગ પ્રેસ, ઘોઘા સ્ટ્રીટ, કોટ, મુંબઈમાં
મી૦ નશરવાનજી ફ૦ બીલીમોરીયાને માટે છાપી છે.

ખુલાસો.

[ત્રીજી આવૃત્તિનો.]

આ લખાણ "એક જરથોશ્તીએ પોતાની જીંદગી કેમ ગુજારવી" એવાં નામ હેઠળ એકથી વધુ વાર પ્રગટ થઇ ગયું છે; પણ આ નામ બહુ લાંબુ હોવાથી, હમણા તેની ત્રીજી આવૃતિ ટુકા નામ તળે પ્રગટ કરવામાં આવે છે. હ્યાં "ફર્જીયાત" શબ્દ તેના અસલ અર્થમાં વપરાયો નથી, પણ "આવર્તન" અથવા Daily Practice અથવા હિન્દુઓ જેને "નિત્ય કર્મ" કહે છે તે અર્થે લેવામાં આવ્યો છે, કારણ કે પહેલો અર્થ લગાર દબાણ કરતો હોય એમ જણાય છે.

આ લખાણ એટલું તો લોકપ્રિય થઇ પડયું હતું કે ૨૦૦૦ નકલો ફેલાવા છતાં હજી પણ તેની માંગણી ચાલુ રહી છે; અને તેથીજ તેને ફરીથી પ્રસિદ્ધ કરવાની જરૂર જણાઇ છે.

"નવજોત પોથી" પછી અનુક્રમે જુવાન બચ્ચાંઓને ધર્મની સમજ આપવાને પણ કદાચ આ ચોપડી કામ લાગશે, અને એ પછી વધારે મોટી ઉમરના જરથોશ્તીઓને "જરથોશ્તી રાહબર" અમૂલ્ય મદદ કરી શકશે.

આ પુસ્તકમાં મરહુમ એરવદ કાવસજી એદલજી કાંગાના અવસ્તાના તરજુમાઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ચેરાગ ઓફીસ,
મુંબઇ, ઑગસ્ટ ૧૯૧૧.

ન. ફ. બી.

"અએવો પથાઓ યો અષહે: વિસ્પે અન્યેશામ્ અપંથામ્."

માર્ગ માત્ર એકજ છે, તે અષોઇનો: બીજા સઘળા માર્ગો ખોટા.

પ્રસ્તાવના.

જરથોશ્તી તરીકા મુજબ માણુસે સંસારમાં રહી ધર્મી જીંદગી ગુજારવાની છે. માત્ર સંસારમાં રહેવું અને ધર્મથી બેદરકાર રહેવું, એ હેવાન્યત કરતાં ઘણી ઉંચી જીંદગી કહેવાય નહી; પણ સંસારમાં રહીને ધર્મી જીંદગી ગુજારવાથીજ માનવી મીનોઇ જ્ઞાન અને અક્કલમાં ઉંચે દરજ્જે ચઢી શકે છે. સંસારમાં તો આ પ્રકારની જીંદગીજ ઉંચી કહેવાય. સંસારમાં રહી ધર્મી જીંદગી ગુજારવામાં વધુ ખરચ બેસ્તો નથી, પણ સંસારમાં રહી ધર્મ નહી પાલવાથી, અથવા ધર્મ તરફ બેદરકાર રહેવાથીજ, ખર્ચ વધે છે, મુશકેલી વધે છે, દુઃખ વધે છે. કારણ કે ધર્મી જીંદગી સાદી જીંદગી છે, અને ધર્મ વગરની સંસારી જીંદગી જંજાલી જીંદગી છે.

સંસારની જંજાલો હલકી કરવાને, અથવા તે જંજાલો દુર કરવાને, ખરાં ધર્મજ્ઞાનની જરૂર છે. જો ધર્મજ્ઞાન ખરૂં હોય અને તે પ્રમાણે ચાલવામાં આવે તો સંસારની ઘણી જંજાલો અને મુસીબતો દુર થાય.

અષેમ્ વોહૂ વહિશ્તેમ્ અસ્તી, ઉશ્તા અસ્તી, ઉશ્તા અહ્માઇ હ્યત્ અષાઇ વહિશ્તાઇ અષેમ્.

"અષોઇ સૌથી સરસ નેઆમત છે, સુખ છે; સુખ તેને (છે) કે જે સૌથી સરસ અષોઇને વાસ્તે અષો (છે)."

[એરવદ કા. એ. કાંગાનો તરજુમો.]

જરથોસ્તી ધર્મનો મૂળ પાયો **અષોઇ** ઉપર રચાયલો છે, અને જેમ જેમ આપણે તે અષોઇનો બોહોળો અર્થ સમજતા જઇયે છિયે તેમ તેમ આપણે વધારે સાદી જીંદગી ગુજારતાં શીખીયે છિયે, કારણ કે અષો જીંદગી ગુજારવાથીજ ડહાપણ વધતું જાય છે, અને જેઓ ડહાપણ-વાન થઇ ગયા છે તેઓ સઘળા સાદાઇના સરદારો હતા. ડહાપણ અને સાદાઇ, ડહાપણ અને અષોઇ, એટલો નીકટ સંબંધ ધરાવે છે કે તેઓને એક બીજાથી જુદાં પાડી શકાય નહીં.

એક માણસની જીંદગી ગુજારવાની જાહેર રીત તેના બાતેનના આચાર વિચારનું માપ છે. ખરો અક્કલવાન કદી પણ ઇશ્કી હોતો નથી. ઇતરાટ, ઇશ્કીપણુ, તકોબરી, છાલકા-પણું, એ સઘળું અભિમાનમાંથી પેદા થાય છે, અને

અભિમાન અવિદ્યા અથવા અજ્ઞાનપણુ દેખાડે છે. ખરાં જ્ઞાનમાંથી ઉપલા દુર્ગુણો જન્મ પામે નહી, પણ ખરાં જ્ઞાનમાંથી સાદાઇ અને અષોઇજ ઉત્પન્ન થાય છે. વિષઇ, મોજીલી અને બાહુરથી ખોટા ભપકાવાળી જીંદગી અજ્ઞાનતા અને અભિમાનમાંથી બહાર આવે છે. એટલા માટે એવી જીંદગીનું છેવટ **પસ્તાવો** હોય છે; જ્યારે ખરાં ધર્મજ્ઞાન સાથ સાદી જીંદગી ગુજારવાનું છેવટ **પરમ સુખ** મળે છે. અષોઇ સુખ લાવે છે, અન-અષોઇ દુઃખ લાવે છે.

ત્યારે જો જરથોશ્તી સંસાર મુશકેલ, કઠણ અને દુઃખદાયક માલમ પડતો હોય તો તેનો સબબ **અષોઇ**ની, યાને, બીજા શબ્દમાં બોલીયે તો, **સાદાઇ**ની ગેરહાજરીજ હોવો જોઇયે.

એમ હોવાનો સબબ આપણી આજની સંસારી કેળવણી છે. જો આપણને એવી સંસારી કેળવણી આપવામાં આવે કે આપણી જીંદગી ગુજારવાને "ખોદાએ પેદા કીધું તે સઘળું ભોગવવું જોઇયે, તે માટે પૈસા મેળવવા જોઇયે, અને તે માટે સાચા કે જુઠા ગમે તે ઉપાયો યોજવા જોઇયે," તો તે વિચાર ખુદાએ મુકરર કીધેલા કાયદાથી ઉલટો છે. જેઓ એમ બોલે છે તેઓને ખબર નથી કે ખુદામાંથી તો માત્ર અનાસરો નીકલ્યાં છે, તે પણ કેટલાંક બીજાં નુરોની મારફતે; અને માણુસના આ ફાની દુનિયાંના સુખની કરોડો વસ્તુઓ જે બની છે તે તો માણુસે પોતાના ઉપ્યોગ યાને

સ્વાર્થને માટે બનાવી છે. વળી દુનિયામાં ચોતરફ નજર કરતાં માલમ પડે છે કે પૈસાવાળા થવાની સરજત ઘણાજ, ઘણાજ થોડા લોકોની હોય છે, અને આદમ જાતનો મોટો ભાગ આખી જીંદગીભર ગરીબ અને વચલે વાંધેનો રહે છે, તેથી સઘલાંજ લોકો "ખુદાએ પેદા કીધો તે સઘળી ચીજોનું સુખ ભોગવવા" પામતાં નથી, અને તેમ થવાની કાંઇ જરૂર પણ નથી; કારણ કે અધર્મી સંસારની મોજમજાહો અને લાલચો માણસને ખુદાથી દુર રાખે છે, અને જે માણસ ધર્મ છોડી ફક્ત સંસારના મોહમાં લપટાયો તે હમણા કે હવે પછી, હ્યાં કે ત્યાં, હમેશાં મોહતાજમંદ, હાજતમંદ, ચિંતાતુર અને દુઃખીયારોજ રહેવાનો.

તે છતાં જે માણસ સંસારી જીંદગી ગુજારવાની જંજાલોમાંથી છટકી જઇ માત્ર ફકીરી કે એકલપેટી જીંદગી ગુજારવા ચાહે તે તો હીચકારોજ ગણાય, કારણ કે સંસારજ એક એવું લડાઇનું મેદાન છે કે જેના મધ્યમાં રહી માનવી પોતાના દુર્ગુણો, લોભ, લાલચ, ઇત્યાદી, જાગૃત કરી તેને તાબે કરી શકે છે, યા તેમનો પરાજય કરી સ્પેન્તમેન્યુની બાંહેધરી તળે અંઘરેમેન્યુને મારીને અહુરમઝ્દની વધારે નજદીક પોંહોચી શકે છે.

પણ આ લડાઇ મારવાનું કામ એટલું મુશકેલ છે કે તેની સનમુખ એક લશકરી સરદાર કેટલીક ફોજની મદદ લઇ, આજના સુધરેલાં ખાનાખરાબી કરનાર હથિયારો

સાથ, એક દેશ જીતે છે, તે જીત મુકાબલામાં સેહલીજ ગણી શકાય. સંસારી લડાઇ મારવાનું કામ એટલું બધું મુશકેલ છે, કારણ કે તે આપણને પોતાને એકલે હાથેજ મારવાની છે; પણ જ્યારે તે માર્યા વગર છુટકોજ નથી,—આજે નહીં તો કોઇ કાળમાં, હમણાં નહીં તો હવે પછી કોઇ બીજા રૂપમાં—ત્યારે તે કામ તદબીરથી પાર ઉતારવું તો જોઇયે.

જરથોશ્તી ધર્મ મુજબ માણુસમાં સ્પેન્તમેન્યુ અને અંઘરેમેન્યુની જે લડાઇ ચાલે છે તે એજ લડાઇ છે. આખરે સ્પેન્તમેન્યુની ફત્તેહ અને અંઘરેમેન્યુની હાર થવી જોઇયે. તે માટે બે રસ્તાઓ છે: એક તકદીર અને બીજો તદબીર. આ રસ્તો મુશકેલ છે એમ માની તેને તકદીર ઉપર છોડવાથી આપણા દુઃખનો વખત લંબાય છે; પણ તદબીરથી, વિવેકથી, જો કામ કરવામાં આવ્યું હોય તો, તદબીરથી જેમ એક દેશ જીતનાર જીત મેળવે છે, તેમ આપણા દુઃખનો અંત આપણે જલદી લાવી શકીયે. પણ માનવી જે કામ તદબીરથી બજાવાનું છે તેને તકદીર ઉપર છોડે છે, અને તકદીરથી મળવાનું જે નિર્માણ થયલું છે તે માટે તદબીરનો ઉપયોગ કરે છે.

જમાનાનાં અનુભવો અને દુનિયાની તવારીખ સાબેત કરી આપે છે કે આ તદબીર સાદી અપો જીંદગી ગુજારવામાં સમાયલી છે. અસલનો ઇરાની સુખી હતો "તે

ખુદાની વધારે નજદીક હતો"* અને તેની "બંદગી ખુદા અને ફરેશ્તાઓ સાંભળતા હતા," કારણ કે તે એવો હતો, તે સાદો હતો, તે જંજાલ વગરનો હતો.

". . . . They [the Magi] renounce rich attire and the wearing of gold. Their raiment is white upon occasion; their beds, the ground; and their food, nothing but herbs, cheese and bread. Their chief employment was religious worship, they being conceived to be the only persons whose prayers God and angels would hear." †

" . . . તેઓ [મગવો] ભપકાદાર પોશાકો અને સોનાના ઘરેણાં તરક કરે છે. સર અવસર ઉપર તેઓ સફેદ સાદો પોશાક પહેરે છે; તેમના બીછાના જમીન છે; અને તેમનો ખોરાક કાંઇ નહીં પણ વનસ્પતી, પનીર અને રોટી છે. તેમનું મુખ્ય કામ ધાર્મિક આરાધના છે, કારણ કે માત્ર તેમનીજ બંદગીઓ [અરજો] ખુદા અને ફરેસ્તાઓ સાંભલે છે એવું માનવામાં આવતું હતું."

અલબત, આજના આપણા સંસાર સાથ સરખાવતાં ઉપલો વિચાર ઘણાકોને કદાચ હસવા જેવો લાગે. પણ આપણે લગાર દરયાફત કરીશું તો માલમ પડશે કે એમાં નવાઇ જેવું કાંઇ નથી. જો કે આજે એવી રીતની જીંદગી

---

* Malcolm's "History of Persia."

† "Treatise of Magic," cited by Laertius."

ગુજારવી કેટલાકોને અ-વ્યહુવારી અથવા નહી બનવા જોગ લાગે, તે છતાં, જો આપણાથી બની આવે તો આપણી આજની જીંદગી ગુજારવાની રીતોમાં કાંઇ ઘટતો ફેરફાર કરી શકીયે.

આપણે ગંભીરપણે વિચાર કરીશું તો માલમ પડશે કે ઉપલા ગ્રીક સાહીત્યના ફકરામાં જણાવ્યા મુજબ આજે પણ જો કોઇ ઠરાવ કરે તો કોઇક એવી રીતની જીંદગી ગુજારી શકે. એક પારસી જાહેર પુરૂષને લાકડાંનાં પાટીયાં ઉપર સુવાની ટેવ પડેલી સાંભળવામાં આવી છે; "વનસ્પતી, પનીર અને રોટી" જેવા ખોરાકપર આજે પણ કેટલાકો પોતાનો નિર્વાહ કરી શકે; અને પોશાકમાં પણ સફેદ કપડાં આપણ વાપરીયે છીયે. પણ જીંદગી ગુજારવાની રીતમાં જુદી જુદી પ્રજાઓની સાથે વસવાથી તેઓની રીતભાતો આપણામાં આમેજ કરી, તેવી ટેવો પડવાને લીધે હવે તેમાંથી છુટાતું નથી. તેથી સંસારમાં રહી સઘળા વૈભવો ભોગવવાને આપણે જે હાજતો વધારી છે તે પુરી પાડવાનું કામ જેટલુ મુશકેલ લાગતું નથી, એટલું આ ટેવો છોડવાનું કામ મુશકેલ થઇ પડયું છે.

એનું પરિણામ શું આવ્યું છે? પરિણામ એ આવ્યું છે કે જયારે અસલી ઇરાની, ઘણીજ ઓછી જંજાલોને લીધે, ઘણો વખત ખુદાના સમાગમમાં રહેવા માટે ફાજલ પાડી શકતો હતો, અને એકાગ્ર ચિત્તથી

"ખુદા અને ફરેશ્તાઓને પોતાની અર્જ કરવાનો" હક ધરાવતો હતો,—અને એવીજ રીતની ચાલુ બંદગી કાંઇ ફળ ઉત્પન્ન કરનાર થઇ પડવી જોઇયે—ત્યારે આજે આપણી સેંકડો જંજાલો સાથ કીધેલી થોડી મીનીટની બંદગી જો તેનું ફળ નહીં લાવે તો તેમાં અજાયબ થવાનું કાંઇ નથી. બંદગી ઇચ્છા શક્તિ [will-power] સાથ થવી જોઇયે. આજના એક કેળવણી પામેલા એરવદ સુદ્ધાં જો એમ કહે કે "કોશેશ સાથ પ્રાર્થના કરવા છતાં પરિણામ આપણી મુરાદ મુજબ નહીં આવ્યું તેમાં હવે આપણો કાંઇ ચારો નથી" * તો તેમાં મુજાકો શો છે?

જેમ જેમ સંસારી હાજતો વધે છે, જેમ જેમ સંસારી લાલચો વધે છે, તેમ તેમ તે મેળવવાને વધારે વખત સંસારી ખટપટોમાં રોકાવું પડે છે, અને તેટલો વખત આપણાથી ખુદા વિષે, ખુદાની [મીનોઇ] દુનિયાં વિષે, ખુદાના હમકારસાથ [અમશાસ્પંદો અને યજદો] વિષે વિચાર કરવાને વખત મળતો નથી, તેથી આપણે વિચારમાં સુદ્ધાં તેમનાથી વધારે ને વધારે દુર જતા જઇયે છિયે; અને તેમનાથી દુર થવું એ આપણી ઉપર બદબખ્તી લાવવા જેવું નહીં તો બીજું શું? તેમના સંબંધમાં રહેવું હોય, તેમના સમાગમમાં રહેવું હોય, તેમની વચ્ચે રહેવું હોય, તો આપણે આપણી આસપાસનું ખોરેહ આપણા

* એરવદ શેહરીયારજી દાદાભાઇ ભરૂચાની વાચજ, સને ૧૮૮૯.


મીનોઇ વિચારોથી તેજસ્વી બનાવવું જોઇયે, રોશન બનાવવું જોઇયે, કે જે રોશન ખોરેહ તરફ આકર્ષણ શક્તિના કાયદાથી રોશન નુરો ખેંચાય, અને એ રીતે આપણે ખુદા અને ખુદાની અષો મીનોઇ હસ્તીની વધારે નજદીક, તેમના સમાગમમાં, રહી શકીયે. એવી હાલતમાં રહેવામાં જે સુખ સમાયલું છે, તે સુખનો ખ્યાલ પૈસા-ટકાથી મેળવાતાં સુખની શોધમાં રહેનાર માણસને તો કયાંથીજ આવે? એવાં માણસની આસપાસ ગમે તેવી આફતો હાજર હોય તોપણ તે સુખીજ છે. એવાં માણસની આસપાસના માણસો ઉપર પણ જો કાંઇ આફત આવી પડી હોય તો તે દુર કરવાને પણ તે કોશેશ કરે છે, પણ તે પૈસાથી કે અંગબળથી દુર કરતો નથી, તે વિચારથી દુર કરવાની કોશેશ કરે છે, અને માણસના વિચારનું બળ કેટલું મોટું હોય છે તે માત્ર થોડા વિદ્વાનોજ સમજી શકે છે.

આજનો મિશ્રીત સંસાર અને ધર્મ.

સંસારમાં રહી ધર્મી જીંદગી ગુજારવાના સવાલમાં આપણને પેહેલી બાબદ આવી મળે છે તે એ કે "સંસાર" કોણને કહેવો? જો એ વિષે વિગતે પુછપરછ કરવા બેસીયે તો, આજે સંસારી રીવાજો અને રીતભાતો એક નાના જેવા પારસી ટોળામાં એટલાં બધાં વધી ગયાં છે કે, તે વિષેની વીગતો આ નાના વિષયમાં સમાઇ શકે નહીં. કારણ કે "છુટાપણા" ને નામે ઉલટા વિચારથી પારસી ટોળામાં જે

ફેરફારો સૌ સૌએ પોતાની સમજ પ્રમાણે કીધા છે, તે ગોયા "બકરૂં કહાડતાં ઉંઠ પેસાડવા" જેવા થયા છે. સંસારમાંથી "હિન્દુ વેહમો" કાઢવા જતાં "ક્રિશ્ચીયન આફતો" વધી ગઇ છે, અને દરેક કુટુંબ એવા કચુબર સંસારને "ખરો જરથોશ્તી સંસાર" માની લે છે. આપણા સુખને બદલે દુઃખનાં નવાં સાધનો ઉમેરાયાં છે. એમાંથી આપણને ધર્મજ બચાવી શકે. પણ પાછો સવાલ ઉભો થાય છે કે, ધર્મ કયો અને કેવો? હ્યાં પણ આપણને ઉપલોજ ગુચવાડો નડે છે. હિન્દુ ધર્મના રીવાજો દુર કરવાને બહાને જરથોશ્તી ધર્મની ભાંજફોડ થઇ છે. સબબ કે જરથોશ્તી અને હિન્દુ ધર્મો એકજ મૂળમાંથી નીકળેલા હોવાથી બેઉની ફીલસુફી, ભાષા, ધર્મ રેવાજો એટલા તો મળતા આવે છે કે, એક રીવાજને હિન્દુ વેહમ સમજી બાતલ કરતાં આડકતરી રીતે જરથોશ્તી ધર્મનો મૂળ પાયો ખોદાય છે, જે લાગતા વળગતા આગેવાનો જોઇ શકતા નથી. જે રીવાજ કે ક્રિયામાં એક જડ મનશક્તિનો કે અજ્ઞાન માણસ વેહેમ જોય તેજ રીવાજ કે ક્રિયામાં એક જ્ઞાની પુરૂષ કે વિદ્વાન કુદરતનો કાંઇ ભેદ કે સચાઇ સમાયલાં જોઇ શકે. તેથી એવી ભાંજફોડ થયા પછી ધર્મ સંબંધી અમુક કાનુનની હાજત ઉભી થતાં ક્રીશ્ચીયન રીતીઓ દાખલ થઇ છે, અને તેને માટે આપણને સમજાવવામાં આવે છે કે "એ ખરો જરથોશ્તી ધર્મ"!

એ સઘળી તકરારી બાબદો બાજુ રાખી, આપણે માત્ર ધર્મ અને સંસાર વિષે અસલ વિચાર શો હતો તે ધોરણથી કામ લઇશું; અને તેમ કરતાં એક "આઇડીયલ" એટલે ખરા સુખવાસી જરથોસ્તીના લક્ષણ ધર્મ પુસ્તકોની રોશનીથી જોતાં કેવાં હોવાં જોઇએ તે જાણી લઇ તેના ફાયદા તપાસીશું.



જરથોશ્તી ફર્જીયાત.

થ્વોઇ સ્તઓતરસ્ચા માંથ્રનસ્ચા અહુરમજ્દા ઓગે-મદએચા, ઉસ્મહીચા, વીસામદએચા.

"અય અહુરમજ્દ! તારી સ્તુતિ કરનારા અને માંથ્ર ભણનારા તરીકે અમો પોતાને ગણીએ છીએ, અને ઇચ્છીએ છીએ અને કબુલ રાખીએ છીએ." [**યજશ્ને**, હા ૭, ફકરો ૨૪.]

દરેક જરથોશ્તીએ ઉઠતાં અને બેસતાં સદાકાળ અહુરમજ્દનું નામ લેવું જોઇયે. એનો ભાવાર્થ કાંઇ એમ નથી કે ખુદાનું નામ ચોકસ તક ઉપરજ લેવું. પણ નિરંતર તેના નામનું સ્મરણ મનમાં ચાલ્યા કરવું જોઇએ. પણ દલગીરી ભરેલું છે કે જો આ સ્મરણ કોઇ જરથોશ્તીએ કરવા માંડયું તો તે મશકેરીનું મધ્યબિંદુ થઇ પડે! કોઇ કોઇ ખુદાનું સ્મરણ મનમાં કરતા હતા; પણ તેણી હવે કોઇ જરથોશ્તી કરતા હોય એમ માનવાને શક જાય છે, અને તે છતાં આપણે બડાઇ મારીયે છિયે કે આપણે સુધરીયે છિયે!

અહુરમજ્દ યશ્તમાં અહુરમજ્દ જરથોશ્ત સાહેબને જણાવે છે કે—

યસ્ચ મે અએતહ્મિ અંઘહ્વો યત્ અસ્તવઇન્તિ સ્પિતમ જરથુસ્ત્ર ઇમાઓ નામેનીશ દ્રેનજ્યો ફ્રમ્રવ,

પઇતિ વા અસ્તિ, પઇતિ વા ક્ષફ્ને. ફ્રશ્રવ ઉસ્ વા હિશ્તો; ની વા પઇધ્યમ્નો, ની વા પઇધ્યમ્નો ઉસ્ વા હિશ્તો; અઇવ્યાઓંઘ્હનેમ્ વા અઇવ્યાઓંઘ્હમ્નો, અઇવ્યાઓંઘ્હનેમ વા બૂજયમ્નો, ફ્રા વા ખુસ હચ ગાતઓત્ ફ્રા વા ખુસ હચ જન્તઓત્ ફ્રા વા ખુસ હચ દંઘ્હઓત અવ-જસ દખ્યુમ્ આ નોઇત્ હિમ નરે, અંઘહે અયાંન્, નોઇત્ અંઘહાંમો ક્ષપો, અએશ્મો દ્રુતહે દ્રુક્ષ મનંઘ્હો અવસ્યાત્. નોઇત અકવો, નોઇત્ ચકવો, નોઇત ઇષવો, નોઇત કરેત, નોઇત્ વજર, નોઇત્ વીસેન્તી અસાનો અવસ્યાત.

"અએ સ્પિતમાન જરથોશ્ત! જે શખ્સ આએ હાડમંદ દુનિયાંમાં આએ મારાં નામોને યાદ કરનારો (થઇને) દરેક દિવસ અથવા દરેક રાતે મોટે સાદ ભણે—ઉઠતાં કે બેસતાં, બેસતાં અથવા ઉઠતાં, બંધ બાંધતાં અથવા બંધ છોડતાં, (પોતાની) જગાએથી બહાર નીકળતાં, કસબામાંથી બાહાર નીકળતાં, દેશમાંથી બાહાર નીકળતાં (તથા) (કોઇ બીજા) દેશ તરફ જતાં (જે શખ્સ આએ મારાં નામો) મોટેથી ભણે તો, તે માણસને તે દીવસે (તથા) તે રાતે યાને જે જે વખતે ભણે (ત્યારે) ઘાતકી મનનો એશમ (નામનો) દરૂજ નુકશાન કરે નહીં; નહીં આંકડાં (અથવા ભોકવાનાં હથિઆર) કે નહીં ગોફણો, કે નહીં ભાલા, કે નહીં તલવાર, કે નહીં ગુરૂજો, કે નહીં પથરા (તે માણસને) લાગીને ઇજા કરે."

[**અહુરમજ્દ યશ્ત,** કરદા ૧૬–૧૮. એરવદ કા. એ. કાંગાનો તરજુમો.]

હ્યાં જે પરીણામ જણાવ્યું છે તે આજના સાધારણ પારસી માટે નથી એ કોઇ પણ સાદી અક્કલનું માણસ કબુલ કરશે. દીવસમાં બે પાંચ વાર અહુરમજ્દનુ નામ લેનાર આજનો પારસી તેની ઉપર જો કાંઇ મુસીબત આવી પડે, અને એમ વિચારે કે તે જો અહુરમજ્દનું નામ લેશે તો તે મુસીબત ટળી જશે, તો તેમાં તે કવચીતજ ફાવશે; કારણ કે હ્યાં જે "બચાવ" દેખાડયો છે તે **સ્વર શક્તિથી** એક માણસ પોતાની આસપાસ જે "મીનોઇ દેવાલ" (મીનોઇ બચાવ) બાંધે છે તે છે. તે એક ખરેખરા અષો માણસ માટે છે, કે જેની આસપાસનુ ખોરેહ એક મીનોઇ કિલ્લાની મીસાલે તેનો બચાવ કરે છે. એ પરિણામ તેજ માણસ લાવી શકે કે જે જરથોસ્તી ધર્મના અષોઇના કાનુનો પાળી તે ઉપર અમલ કરી, તે અમલ સાથે અહુરમજ્દનું નામ પણ અચકયા વગર "રાત અને દીન" મનમાં લેયા કરતો હોય. પણ "ઓછું બુરૂં" સ્વીકારવાના નિયમ મુજબ, યાને શાયસ્તલાશાયસ્તના કાયદા મુજબ, આપણાથી જો બની આવે તો જ્યારે વખત મળે ત્યારે તેનું નામ જુબાન ઉપર રાખવાથી કેટલોક ફાયદો હાંસલ કરી શકીયે. તેનો એક દાખલો લઇયે.

ખોવાબગાહમાંથી બીદાર થતાં અહુરમજ્દનુ નામ.

જ્યારે એક ખરો જરથોસ્તી ખોવાબગાહમાંથી બીદાર થાય છે, ત્યારે બીદાર થવા સાથેજ તેના અંતઃકરણમાંથી

અહુરમજ્દનો શબ્દ તેના હોઠ ઉપર આવવો જોઇયે. આ કામ સેહેલાઇથી બને છે. કેટલાક ધર્મી માણસોને ઉંઘમાં ભણવાની ટેવ હોય છે, જે નીચે મુજબ પરખાય છે. અવસ્તાનો કોઇ પણ ભાગ,—અષેમ, યથા, સરોષ બાજ, ઇત્યાદી—અરધો ઉંઘમાં ભણાયા પછી તેનો બાકી રહેલો ભાગ બીદાર થતાં તેઓ હોઠપર લઇને ઉઠે છે. આ બાબત કેટલાક ખોદાશનાસાંનના અંગત અનુભવ ઉપરથી કહું છું.

આ રીતે અહુરમજ્દનું નામ મનમાં ઉચ્ચારવાની ટેવ પાડી હોય તો બામદાદમાં ઉઠતાં—ઉઠતાં એટલે બીછાના ઉપરથી ઉઠતાં નહીં પણ ઉંઘમાંથી "હું છું" એવો હોશ આવતાંજ—અહુરમજ્દનું નામ હોઠપર પોતાનીજ મેળે આવે છે. માત્ર એક વાર ટેવ પડવી જોઇયે.

કોઇ પુછશે કે, એથી ફાયદો શું થાય? એક માણસની જીંદગીમાં તેની જન્મવાની પળ તેની આખી જીંદગી કેવી જશે તે મુકરર કરે છે, તેની પરણવાની પળ તેની પરણેલી જીંદગી કેવી જશે તે મુકરર કરે છે, અને તેની મોતની પળ તેની બેહેસ્તની જીંદગી કેવી જશે તે મુકરર કરે છે. એટલું છતાં જન્મવાની પળપરથી મુકરર થયલી બાબદો ઉપર ભરોશો રાખીયે તો તે "કીસમત" ને તાબે થઇ બેસી રહેવા જેવું થાય. જરથોશ્તી ધર્મ માત્ર કીસમત ઉપર ભરોશો રાખી બેસી રહેવા કહેતો નથી; પણ માણસને

ઉદ્યમથી પોતાની હાલત બેહતર અને વધારે બેહતર કરવા સુચવે છે, અને તેટલા માટે માણુસમાં " મરજી " જેવી શક્તિ મુકાઇ છે. આથી માણુસ ચાહે તો તેની મુકરર થયલી જીંદગીમાં તદબીર વાપરી ફેરફાર કરી શકે. એ પ્રમાણે પરણેલી જીંદગીમાં મુકરર થયલી બાબદોમાં તદબીરથી ફેરફાર લાવી શકાય; તેમજ ગુજર પામેલાંઓને જો " જાણુકાર " મોબેદ હોય તો, ક્રિયા વગેરેથી મદદ આપી શકે.

એજ કાયદા મુજબ ખોવાબગાહમાંથી બીદાર થતાં તે પળ ગમે તેવી હોય તે છતાં, અહુરમજદનું નામ લેવાથી આપણા આખા દીવસના સંજોગોને આપણે ફાયદાકારક બનાવી શકીયે. આ વિષે આપણા ખોરેહમાં અવસ્તાના આવાજની ધ્વનીથી કેવી અસર થાય છે તેનો અભ્યાસ કરવાથી વધારે ફાયદાઓ નજર આવશે.

બીછાના ઉપરથી બીદાર થતાં તુરત ઉઠવું.

એક ખરો જરથોસ્તી ખોવાબમાંથી હુશિયાર થતાં બીછાના ઉપર પડી, જેમ એક આળસુ ભેંસ કીચલનાં ખાડામાં પડા આલાબાલા મારે છે તેમ, આલાબાલા મારતો નથી, પણ તે તુરત ઉઠી કામે વળગે છે. અને એવી રીતે આલાબાલા મારવાથી અથવા અરધી ઉંઘમાં પડી રહેવાથી હોશ જે મધ્ય હાલતમાં રહે છે તે હાલત ઘણી

કામીક હોય છે. તે ભુવનની શક્તિને **વંદીદાદ**માં બૂષ્યાંસ્ત કહી છે.

આઆત્ ફ્રઓત્ અહુરો મજદાઓ મરેઘો યો પરો-દર્શ નામ સ્પિતમ જરથુશ્ત્ર. યિમ મશ્યાક અવિ દ્જવચંધ્રહો કહૃકતાસ્ નામ્ અઓજઇતે. આઆત હો મેરેઘો વાચિમ્ બરઇતિ ઉપ ઉષાઓંધ્રહેમ યાંમ સુરાંમ.

ઉસેહિશ્તત મશ્યાક સ્તઓત અષેમ યત્ વહિશ્તેમ્ નીસ્ત દએવ. અએષ વો દ્રઇતિ બૂષ્યાંસ્ત દરેઘો-ગવ. હો વીસ્પેમ અહુમ્ અસ્તવન્તેમ હકત્ રઓચંધ્રહાંમ ફ્રંગાતો નિખ્વઅ્દયેઇતિ ખ્વપ્ન્સ દરેઘો મશ્યાક નોઇતતે સચઇતે

"ત્યારે હોરમજદે કહ્યું કે અએ સૌથી પવિત્ર જરથોસ્ત! પરો-દર્શ નામનો મરઘો જેને હલકે વાંચેના લોકો કહર્કતાસને નામે ઓળખે છે, તે મરઘો [કામ કરવાને] શુર આપનારી બામદાદને વખતે (નીચે પ્રમાણે) પોકાર કરે છેઃ—

"અએ માણસો! (તમારા બીછાના ઉપરથી) તમો ઉઠો, સઉથી સરસ અષોઇની વખાણ કરો, (તથા) દેવોને દફે કરી નાખો; (નહી તો કે) તે લાંબા હાથવાળો બૂષ્યાંસ (નામનો દેવ) તમારી તરફ દોડી આવે છે. તે (બૂષ્યાંસ્ત દેવ) (એવો છે કે) તમામ હાડમંદ દુનિયાંના લોકો જેવી બામદાદ (પડી) (અને) જાગૃત થયાં તેવાં તેઓને પાછાં સુવારી દેછે. અએ માણસો! લાંબી ઉંઘ તમોને સજાવાર નથી."

[**વંદીદાદ**, પર્ગરદ ૧૮, ફ. ૧૫-૧૬.]

આ ફકરાઓ પુરતી રીતે સ્પષ્ટ છે, એટલે તે ઉપર સરેહ કરવાની અગત્ય નથી. તે છતાં આટલી વાત ધ્યાનમાં રાખવી જોઇયે કે દરેક માણસ યજદો કે દેવદરૂજોના સેવક જેવો છે; તેની મારફતે યજદો કે દેવદરૂજો આ દુનિયાંમાં પોતાનું કામ કરે છે. તેથી ગમે તો માણસ યજદોનો હમશરીક થાય અને ગમે તો દેવદરૂજોનો હમશરીક થાય—તે માત્ર તેના મનની સ્થિતી ઉપર આધાર રાખે છે. આળસાઇ, સાવજપણું, અર્ધી હુશીઆરી, હવસી અંધકાર, ઇત્યાદી, અને તેમાંથી ઉત્પન્ન થતી બદીઓ, બુષ્યાંસ્ત શક્તિ*ના બચ્ચાં–છોકરાં સમજવાં. માણસની મીનોઇ વૃદ્ધિમાં તે અટકાવ નાખનારાં છે. તેથી તેઓને દુર કરવાનો ઉપાય એજ કે ઊંઘમાંથી જેવા હુશિયાર થઇયે તેવાં બીછાંના ઉપરથી ઉઠી પડવું. પણ કોઇ પુછશે કે બામદાદને ઘણો વાર હોય તો અમસ્થાં ઉઠી શું કરીયે? આજના અધર્મી વખતમાં એ સવાલ ઉભો થાય એ સ્વભાવિક છે. જેઓને વાંચતાં આવડતું હોય—અને આજે નથી કોણને આવડતું?—તેઓએ ખોરશેદ દેખાવાને વખત હોય તો આગળ જણાવ્યા મુજબ પાદીઆબ કુસ્તી કરી યશ્ત વગેરે ભણવામાં વખત કાઢવો. ઓરતોથી જો અવસ્તા ભણવાને નહીં બનતું હોય તો સહુવેણાના ગીતમાંથી સૂરજને વધાવી

* કુદરતની શકતીઓ હોશદાર હોવાથી જરથોશ્તી ધર્મમાં એવી ભલી શકિતઓને યજદ અને બુરીને દેવ-દરૂજો તરીકે જણાવી છે.

લેવાનું ગીત ગાવું કે જે કામ ઘરના કામકાજ કરતાં, સાફ-સુફ કરતાં, લોબાન કરતાં પણ થઇ શકે. **વંદીદાદ**ના ઉપર ટાંકેલાં ફરમાનમાં ખુલ્લું બતાવ્યું છે કે આપણું કામ દેવ-દરૂજોને મારી હઠાવવાનું છે, અને આપણા મનની આ રીતની ગંભીર ખુશાલ હાલતમાં માંથ્રના આવાજથી આપણે તે કામ બજાવી શકીયે છિયે. વળી આલમને તાઝગી આપનારા ગાયનના શરોદોથી, આલમમાં આશીર્વાદ પાંથરી શકાય. સૂરજ ઉગવા સાથ જયારે યજદો આ દુનિયાં ઉપર પોતાના આશીર્વાદોનો વરસાદ રેડવાને તૈયાર થાય છે, ત્યારે તેમની સાથ તેમના નોકર થઇ આપણે ઉપલી રીતે વર્તવાથી તેમના હમકાર–સાથ થઇયે છિયે *; અને તેમના હમકાર-સાથ થવું તે અમશાસ્પંદોના હમકાર-સાથ થવા બરોબર છે. અને અમશાસ્પંદો જયારે અહુરમજ઼્દ સાથ એકજ છે ત્યારે આપણે પોતે અહુરમજ઼્દનેજ લગતાં થઇ રહીયે છીયે. બીદાર થતાં વાર અહુરમજ઼્દનાં નામ સાથે જો બને તો નીચલો ફકરો ભણવો :—

અષેમવોહુ (૧). હુમત હુખત હ્વરશ્ત સેપાસ-દાર હોમ અજતો દાદાર અહુરમજ્દ બેહે અવજુની પ પતેત હોમ અજ વનાહ વ અવેગોમાંન હોમ અજ હરવસ્તીન યજદાન એ દીન એ રવાન એ બેહશ્ત એ દોજખ એ આમાર અસદસ એ બુદન રસ્તાખેજ

* જુઓ ચૅરાગ, પુસ્તક ૩ જુ, અંક ૧ લો, પૃ. ૨ અને તે પછી.

તન ૫સીન ઓ અવશીનસને આહુરેમન દેવા અહુરહે મજદાઓ રએવતો ખરેનંઘહુતો અમેશનામ સ્પેન્તનામ નેમો જરથુશ્ત્રહે સ્પેતામહે અષાનો ફ્રવષો. અષેમ વોહુ (૧).

પાદીયાબ અને સ્નાન.

બીછાના ઉપરથી ઉઠયા પછી દરેક જરથોશ્તીનું કામ પાદીયાબ કુશ્તી કરવાનું છે તેમજ સ્નાન કરવાનું છે. સ્નાન કરવાનું કામ કેટલાંક ગરીબ અને આજારી માણસથી દરરોજ બનતું નથી.

આ રીવાજના ફાયદા શરીર વિદ્યાની રીતે તપાસતાં સ્પષ્ટ રીતે જાણીતા છે, તેથી તે વિષે હ્યાં કાંઇ ઘણું કહેવાનું નથી. એક માણસને વસીદે મોઢે આખો દીવસ ફરવા દો, અને તેની હાલત જુઓ. તેના શરીર ઉપર એક એવો અણુદીઠ પડદો ફરી વળેલો હોય છે કે તેની ગુમરાહીમાં તેને સારા વિચારો સુઝ પડતા નથી; તે ઉલટાં કાંમો કરતો માલમ પડે છે, અને ઘણી વાર સામાં માણસો તેને માટે કહે છે કે “એ અહેરેમનનો ઘેરેલો છે.” પાદીયાબ કુશ્તીથી શરીર ઉપરની બારીક ગલીચી દુર થવા સાથ હુશિયારી આવે છે, અને માણસ સ્વસ્થ બને છે; કારણ કે તેનાં આસપાસનું ખોરેહ જે ઉંઘમાં શરીરમાં ડુબી ગયલું હોય છે તે જાગૃત થાય છે અને તે ખોરેહની બરક્તથી માણસ પોતાની આસપાસની બુરી અસરોને પોતામાં દાખલ થતી અટકાવે છે.

જરથોસ્તી ધર્મના રીવાજો, જે બહારથી કેટલાક લોકોને વેહમ જેવા દેખાય છે, તેઓમાંના ઘણાકો આ ખુરેહની જાળવણી માટે રચાયલા છે.

ઇથા-ઇ હુઇથ્યા નરો અથા જેનયો, દૂજો હુચા શથેમો યેમે સ્પશુથા ફ્રાઇહીમ, દ્રૂજો આયેસે હોઇથા તન્વો પરા.

વયુ-બેરેદુબ્યો દુશ-ખરેથેમ્ નાંસત ખાથ્રેમ દ્રેગ્વોદેબ્યો દેજીત્-અરેત્ એઇબ્યો અનાઇશ્ આ મનહીમ અહુમ્ મેરેન્ગેદુયે.

"પણ, અએ નરો તથા નારીઓ! દરૂજના માર્ગને (તથા તેના) વધારાને જાહેર રીતે તમો બંધ કરજો. દરૂજની આરાધનાથી તમારા તનનો સંબંધ છોડવજો.

"ખરાબ ખોરેહવાળું સુખ માણસોને માટે નાશકારક (છે). રાસ્તીથી હાની કરનારા બુરા માણસોથી (અએ નર તથા નારીઓ!) (તમો) (તમારી) મીનોઇ જીંદગીને (યાને આવતા ભવની હૈયાતીને) ખરાબ કરો છો."

[**વહિશ્તોયશ્ત ગાથા,** હા ૫૩, ફ. ૬.]

ઉપલા ફકરા ઉપરથી જોવામાં આવે છે કે જો સામાન્ય બોધ હોત તો માત્ર **નરજ** જણાવતે, પણ જ્યારે **નારીને** હ્યાં સાથે લેવામાં આવી છે, ત્યારે ચોકસ સંજોગો વચ્ચે તેણીએ પોતાનું ખોરેહ જાલવવા **વંદીદાદ**માં જણાવેલી ચોકસ તરતીબો જાળવવી જોઇએ, કારણ કે તેવા સંજોગોમાં તેણીનું ખોરેહ ઘણું બગડેલું ગણવામાં આવ્યું છે.

ગર્ભસ્થાનની સઘળી નજીસાત સાથ દરૂજી હસ્તીનો સંબંધ હોવાને લીધે, ગર્ભસ્થાનની ફેરવાયલી હાલતમાં ઓરતને અલાહેદી રહેવાની જરથોસ્તી ધર્મ ખુબ તાકીદ ફરમાવે છે. શરીરમાં રહેલી બીજી નજીસાત કરતાં ગર્ભસ્થાનની નજીસાત ઉપર દરૂજો અને જાદુઇ અસરો જલદી લાગુ પડે છે. તેથી તે જો પોતાના તે વેળાના કંગાલ ખોરેહ સાથે સઘળાં સાધારણ માણસો અને ચીજો સાથે ભેળાય તો તે માણસો અને ચીજોને પણ ખરાબ કરી શકે—પલીદ કરી શકે. આમ હોવાથી જરથોશ્તી ધર્મમાં દસ્તાનની હાલતમાં પહુરેજી જાલવવાની મજબુત તાકીદ કરવામાં આવી છે. આ બાબદ બહુ નાજુક હોવાથી અત્રે કાંઇ વધુ જણાવી શકાતું નથી ; પણ જેમ સમજુ અને વિચારવંતો એક શબ્દમાં સમજી જાય છે, તેમ જરથોશ્તી બહેનો આ ઉપરથી પોતાની અસલ ફર્જ શી છે તે સમજી જશે.

યશ્તો ભણવાના ફાયદા.

એક જરથોશ્તી "માંથ્ર-ભણનાર" ગણાય છે તેથી તેની જીંદગીમાં કુરશદનો બની આવે એટલો ભાગ માંથ્ર ભણવામાં અને તે સમજવાની કોશેશ કરવામાં જવો જોઇયે.

ખોરશેદ ઉગવાના વખત આગમચ જે જરથોશ્તી ઉઠે તેઓ ગમે તો હાવન ગેહ થવા આગમચ પાછલી રાત્રે ચોકસ યશ્તો ભણી શકે.

દરેક માણસ ચોકસ મુદત સુધી ચોકસ ગૃહની અસર તળે રહે છે. આ વખતે માણસમાં ચોકસ સદ્ગુણ કે દુર્ગુણ બહાર આવે છે, તેમજ તે ચોકસ સુખ કે દુઃખને આધીન થાય છે. "કીસમત" પર આધાર રાખી બેસી રહેવાનું જરથોશ્તી ધર્મ કહેતો નથી, પણ માણસે કોશેશ કરી પોતાની હાલત બિનોઇ વૃદ્ધિ માટે ઉંચે અને ઉંચે ચઢાવવા તે કહે છે. તેથી જે ગૃહ પ્રબળ હોય તે ગૃહને માટે ફરમાવેલી યશ્ત તેટલો વખત ભણવાથી* દુઃખમાં ઘટાડો થાય છે, બદી ઓછી થાય છે, સુખની વૃદ્ધિ થાય છે, સદ્ગુણ ખીલે છે, ઇત્યાદી. પણ યાદ રાખવું કે એ સઘળાં સાથ જરથોશ્તી ધર્મે ફરમાવેલી પરહેજગારી અને અષોઇના કાનુનો પાળવામાં આવ્યા હોય તોજ. વળી જીંદગીમાં જે ફેરફાર થાય તે એટલા ધીમા અને અદ્દશ્ય હોય છે કે તે સામાન્ય રીતે માલમ પણ પડતા નથી, તો જો કે **કારણ** તેનું **પરિણામ** મોડે કે વહેલે લાવ્યા વગર રહેતું નથી

---

* "બુન્દેહશ" ઉપરથી જોવામાં આવશે કે અસલ જયોતિષ શાસ્ત્ર ધર્મનો એક ભાગ ગણાતો હતો; અને આજે પણ જયોતિષીઓ જુદા જુદા ગૃહોની ચાલ માટે નીચે મુજબ નિઆએશો અથવા યશ્તો ભણવા ફરમાવે છે:—

રવી—ખોરશેદ	બ્રેસ્પતી—અહુરમજ્દ
ચંદ્ર—મોહોર	શુક્ર—અમરદાત
મંગળ—બેહરામ	શની—સ્પંદારમદ
બુધ—તીર	રાહુ—હફતંગ.

એ કુદરતનો અચુક નિયમ હોવાથી, જો પરિણામ યા ફળ તુરત કે પ્રગટ દેખાય નહી તેનો અંદેશો નહી—તેણુ પોતાની ફર્જ તો ચાલુ અદા કરવાની છે.

ખોરશેદ-મેહેર નીઆએશો ભણવાના ફાયદા.

એક દીનદાર જરથોસ્તી હાવન ગેહમાં ફર્જીયાતના એક કાનુન તરીકે ખોરશેદ-મેહેર નીઆએશો ભણે છે. આથી અણસમજુ લોકો જરથોસ્તીઓને સૂર્ય-પરસ્ત કહે છે. પણ ખોરશેદ નીઆએશમાં શું ભણવામાં આવે છે તે જો જાણવામાં આવે તો એવાં અજ્ઞાન લોકો પોતે પણ તે ભણવા માંડે. ખુદાની ખુદાઇ નહી સમજવાથી કેટલાક જરથોસ્તીઓ સુદ્ધાં એવું સમજે છે કે "દુવા નામ સેતાએશ" સીવાય ખુદાની પાધરી સેતાએશ જરથોસ્તી ધર્મ પુસ્તકોમાં નથી, તેથી એવા કેટલાક ગૃહસ્થોએ તો પોતેજ તે તરેહવાર આકારમાં રચી છે, તો જો કે ગાથામાં એવી બંદગીઓ છે. પણ પહેલાં તો જાણવું જોઇએ કે માનવીનું મન તેની સાધારણ હાલતમાં હદવાલું છે, તે જે કાંઇ હદ વગરનો (ખુદા) છે તેને પોહોંચી કેમ શકે? એટલા માટે દાનાવોએ સૂર્ય, જે અહુરમજદના શરીર "કેહરપેમ્"* જેવો છે, તેનો દેખઇતી દુનિયાંનો પ્રતિનિધી છે, તેની ભક્તિ કરવાનું ઠરાવ્યું છે.

---

* યજશ્ને, હા ૩૬.

જે કોઇ સૂર્યને આરાધે છે તે અહુરમજદને આરાધે છે, એવું ખુદ એ નિઆએશ ઉપરથી પણ જણાશે :—

યો યજઇતે હ્વરે યત્ અમેષેમ્ રએમ્ અઉર્વત્ અસ્પેમ, પઇતિશ્તાતેએ તેમંધ્રહાંમ પઇતિશ્તાતેએ તેમસ ચિથ્રનામ્ દએવનામ્ પઇતિશ્તાતેએ તાયુનામચ હજસ્નામચ, પઇતિશતાતેએ યાતુનામચ પઇરિકનામચ પઇતિશ્તાતેએ ઠથ્યેજંઘહો મર્ષઓનહે યજઇતે અહુરેમ મજદામ, યજઇતે એમેષે સ્પેન્તે યજઇતે હુંઆમ ઉર્વાનેમ ક્ષ્નાવયેઇતિ વીસ્પે મઇન્યવચ યજત ગએથ્યાચ યો યજઇતે હ્વરે યત્ અમેષેમ્ રએમ્ અઉર્વત્-અસ્પેમ્.

"અંધારાની સાંમે થવાને, અંધારાની તોખમના (અથવા શિકલના) દેવોની સાંમે થવાને, ચોરો તથા લુટારાઓની સામે થવાને, જાદુગરો તથા પરિઓની સામે થવાને (તથા) મોતકારક નાશની સાંમે થવાને, **જે શખ્સ અમર નુરમંદ (તથા) તેજ ઘોડાવાળા ખોરશેદને ઇજે છે** (અથવા વખાણે છે) **(તે ગોયા) હોરમજદને ઇજે છે,** અમશાસ્પંદોને ઇજે છે (તથા) પોતાનાં રવાનને ઇજે છે. જે શખ્સ અમર, નુરમંદ (તથા) તેજ ઘોડાવાળા ખોરશેદને ઇજે છે (તે ગોયા) તમામ મીનો તથા ગેતીના યજદોને ખુશાલ કરે છે."

[**ખોરશેદ નીઆએશ,** ફ. ૧૪.]

ખોરશેદ નીઆએશ કરવાના ફાયદા પુષ્કળ છે. પેહેલું તો એ કે આ નુરી કેબલો જે ખોરેહનુ રહેઠાણ છે તે આખી દુનિયાંને જીવનશક્તિ આપે છે, તેથી એની

બંદગીમાં હુંમેશ મશગુલ રહેનાર, પોતે જાણે કે ન જાણે તોપણ, ખોરશેદની અંદરથી જીવનશક્તિ ખેંચી પોતાને માટે તાઝગી મેળવે છે; તે તંદરોસ્તી મેળવે છે; તે અમશાસ્પંદો અને યજદોની સાથે આ દુનિયાં ઉપર આશીર્વાદ પાંથરવામાં હમશરીક થાય છે; તે જુદા જુદા સેતારાઓ જે તેની પોતાની સાથ ગુપ્ત રીતે સંબંધ ધરાવે છે તે તથા જગતમાં હસ્તી ધરાવે છે તેઓ તરફથી ફાયદો મેળવે છે; તે પૃથ્વિ ઉપરની બદીઓ, બુરાઇઓ, ઇત્યાદી દુર કરી સફાઇ પાંથરવામાં પોતાનો હીસ્સો આપે છે, ઇત્યાદી.

મેહેર નીઆએશનો મોટો ભાગ લગભગ **ખોરશેદ નીઆએશ**ને મલતોજ હોવાથી તે ભણવાના ફાયદા વિષે અત્રે વધુ જણાવાની જરૂર નથી; તોપણ આ ઠેકાણે એટલું તો જણાવવું જોઇએ કે મિથ્ર અથવા મેહેર યજદ બુદ્ધિ અથવાડહાપણ ઉપર મવક્કલ હોવાથી, એની આરાધના કરવાથી માણસ પાધરી કે આડકતરી રીતે પોતામાં બુદ્ધિ યાને ડહાપણનો વધારો કરી શકે.

આતશ નીઆએશ.

આતશ નીઆએશ જો કે દરરોજ ભણવાની ફરજીયાત નથી, તે ચાર હમકારા—અર્દીબેહુશ્ત, આદર, સરોષ, બેહરામ રોજે—ભણવામાં આવે છે, તોપણ દરરોજ ભણવામાં ખોટું કાંઇ નથી. આ નીઆએશ આત્માની આરાધના જેવી છે.

એના ફાયદા એજ નીઆએશમાં દર્શાવવામાં આવ્યા છે. આ નીઆએશ ભણવાથી દીનદાર જરથોસ્તીઓનું ખોરેહ ઝલકાટમંદ થાય છે, તેની મોટાઇ વધે છે, તેનો મરતબો વધે છે; તેની અંતરરોશની વધે છે, તેને અમર્ગીને લગતી બક્ષેશો મલે છે, તેની જુબાનની ફસાહત વધે છે, તેનાં રવાનની હુશીયારી વધે છે, તેને જ્ઞાન વધે છે, તેની ચાલાકી વધે છે, તેને ત્યાં ફરજંદો અક્કલમંદ પેદા થાય છે, તેની કરણી સુધારવાથી તેને અંદરથી તેના ઉસ્તાદ (આત્મા) તરફથી બસારત, અને, તે નહીં તો, રાસ્તીનાં માર્ગપર ચાલવાને ફરમાનો મલતાં જાય છે, ગાય ઢોરો અને કુટુંબની આબાદી વધે છે, ઇત્યાદી. *

ખોરશેદ અને મેહેર નીઆએશો દીવસમાં ત્રણ વાર—હાવન ગેહ, રપીથવન ગેહ, અને ઉજીરન ગેહમાં—ફર્જીયાત ભણવાનું જણાવવામાં આવ્યું છે અને આતશ નીઆએશ પાંચે ગેહમાં કોઇબી વાર ભણી શકાય એમ છે. પણ આજે આપણે એક એવા જમાનામાં રહીએ છિયે કે જેમાં આપણા સંસારની હાજતો પુષકળ વધારી મુકવામાં આવી છે, જે હાજતો પુરી પાડવા જરથોસ્તીઓમાં આમ લોકોને દીવસનો મોટો ભાગ રોકાવું પડે છે. તેથી રપીથ્વન અને ઉજીરન ગેહમાં ઉપલી નીઆએશ ભણવાનું માત્ર થોડાજ જરથોસ્તીઓથી બની શકે છે. બાકીનો આખો

* જુઓ એજ નીઆએશનો તરજુમો.

ટોળો કામ ધંધામાં રોકાઇ જાય છે. તોપણ જેઓથી બને તેઓ મનમાં, **જો નીઆએશો ભણવાનું નહી બને તો** માત્ર મોટી ગેહ, અને મોટી ગેહ પણ નહી બને તો બે ચાર લાઇનની નાની ગેહ અને ગાથાનો એકાદ ફકરો બપોરે બરોબર બાર વાગે, અને બપોર પછી ત્રણ વાગે ભણે તો તે બની શકે એમ છે. આમ કહેવાની મારી મતલબ એ છે કે 'બંદગીની દોરી' તુટયા વગર ચાલુ રહે. દરેક ગેહ 'સંધી' કહેવાય છે, એટલે બે વખતને સાંધનારી કડી છે, જેથી તે બે પોહરને જોડનાર વખતે કાંઇ પણ બંદગી મનમાં પણ કરી લેવી ઘણો ફાયદો કરે છે. જો કાંઇજ નહી બને તો આ બાબદની નીચે આપેલા ફકરાઓ જે ગાથાના છે તે મનમાં ભણી જવામાં કાંઇ પણ મુશકેલી નડશે નહી.

બામદાદમાં કામે વળગતાં.

નાની હાવન ગેહ અને ગાથાનો નીચલો ફકરો :—

અહ્યા યાસા નેમંઘ્રહા ઉસ્તાનજસ્તો રફેધ્રહ્યા મન્યેઉશ્ મઝ્દાઓ પોઉર્વીમ્ સ્પેન્તહ્યા અષા વીસ્પેંગ્ શ્યઓથના વંઘ્રહેઉશ ખ્રતૂમ્ મનંઘ્રહો યા ક્ષ્નેવીષા ગેઉશ્ચા ઉર્વાનેમ્.

"નમનતાઇથી હાથ ઉંચા કરીને સઉથી પેહેલાં અનદીઠ (તથા) આબાદી કરનાર હોરમજદનાં તમામ રાસ્તી ભરેલાં કામોને (તથા) ભલાં મનની અક્કલને આએ ખુશાલીમાં હું

માગું છું, કે જેથી કરીને દુનિયાંના આત્મા (અથવા જોહર) ને હું ખુશાલ કરૂં."

[અહુનવદ ગાથા, હા ૨૮, ફ. ૧]

બપોરે બાર વાગે.

નાની રપીથ્વન ગેહ અને ગાથાનો નીચલો ફકરો:—

યે જઓતા અષા એરેજાશ હ્વો મન્યેઉશ આ વહિશ્તાત કયા અહ્માત અવા મનંઘેહા યા વેરેજયેઇધ્યાઇ મન્તા વાસ્તરયા તા-તોઇ ઇજયા અહુરા મજદા દરશ્તોઇશ્ચા હેમ-પ શ્તોઇશ્ચા.

"ખાલેશ પરસ્તેશ કરનાર તરીકે રાસ્તીની મારફતે તથા ઘણીજ નેક નયતથી, (અએ હોરમજ્દ) તુંને હું પોતે હરદમ યાદ કરૂં છું, કે તેથી (મારી) મુરાદ મુજબ ધારેલું કામ હું પાર પાડું. (તારીથી) અએ હોરમજ્દ! (નીચે જણાવેલી) આએ બે ચીજ હું માંગું છું—(૧) તારાં દર્શન, (૨) દીન બાબે તારી સાથે વાતચીત."

[અહુનવદ ગાથા, હા ૩૩, ફ. ૬]

બપોરે ત્રણ વાગે.

નાની ઉજીરન ગેહ અને ગાથાનો નીચલો ફકરો:—

આ-મામ આઇદૂમ વહિશ્તા આ ખએથ્યાચા મજદા દરેષતચા અષા વોહૂ મનઘહા યા સ્રુયે પરે મગાઉનો આવિશ-નાઓ અન્તરે હેન્તુ નેમખ્હતીશ ચિથ્રાઓ રાતયો.

"તું પોતે, અએ હોરમજ્દ! મારી આગળ આવ; તથા ધર્મ ઉપર એતેકાદ રાખનારા માણસોની નજદીક રાસ્તી તથા

નેક મનશનીને લીધે હું જે જણાએલો છું (તેને) (મારા હકમાં) જે કાંઇ સઉથી સરસ તે મને તું શિખવ.

હમારી બંદગીને લગતી ભેટો (તારી હજુરમાં) જાહેર (તથા) આશકારા થાય (એવું હમો ઇચ્છીયે છીયે.)

[અહુનવદ ગાથા, હા ૩૩, ફ. ૭]

સમી સાંજે સૂર્યાસ્ત વેળા.

ગાથાનો નીચલો ફકરો :—

ફ્રો-મોઇ ફ્રવોઇજદૂમ અરેથા તા યા વોહૂ પત્તાઇ મનંઘહા યસ્નેમ મજદા ક્ષમાવતો અત્ વા અષા સ્તઓમ્યા વચાઓ દાતા વે અમેરેતાઓસચા હતયૂઇશ્રી હઉર્વતાસ દ્રઓનો.

મૂળ નેમ (શું છે તે) મને તું જણાવ, જેથી કરીને નેક નયતથી, અએ હોરમજ્દ! તારા જેવાની આરાધના, તેમજ તારી કીર્ત્તીના સખુનો અંતઃકરણથી હું જારી રાખું. (તારી મહેરબાનીની) ભેટ તરીકે ખોરદાદની તથા અમરદાદેની જાથુકની બક્ષેશ તું (મને) આપ."

[અહુનવદ ગાથા, હા ૩૩, ફ. ૮]

રાત્રે બીછાનાપર જતી વેળા.

નાની અઇવેશ્રુથ્રેમ ગેહ અને ગાથાનો નીચલો ફકરો :—

યસ્તે વીસ્પે-મજિશ્તેમ સેરઓષેમ જઅયા અવંઘહાને અપાનો દરેગો-જયાઇતીમ્ આક્ષથ્રેમ વંઘહેઉશ મનંઘહો અષાત્ આ એરેજુશ પથો યએષૂ મજદાઓ અહુરો ષએતી

"બધા (યજદો) માં સૌથી શ્રેષ્ટ (અએ હોરમજ્દ) (જે) તારો સરોષ યજદ (તે) ને (મારી) મદદને માટે હું અરજ

કરીને બોલાઉ છુંં. વોહુમનોનાં રાજ્યમાં લાંબી જીંદગી હમુને તું હાંસેલ કરાવ તથા (હમારી) રાસ્તીને લીધે નીતિના માર્ગે જેમાં હોરમજ્દ રહે છે (તે) તરફ હમુને તું પોંહોચાડ."

[અનહુવદ ગાથા, હા ૩૩, ફ. ૫]

એ ઉપરાંત ચાંદરાત, પુર્ણીમાં વગેરે ચંદ્રમાના ખાસ પક્ષો ઉપર માહબોખતાર અને અર્દવીસુર નિઆએશો ભણવી પણ ફાયદાકારક ગણાશે.

બંદગી વેળા આસપાસ શાંતી રાખવાની જરૂર.

બંદગી કરવાનું કામ શાંત મનનું છે. તેથી **બામદાદની** બંદગી કરવા આગમચ કે તે બંદગીના દરમિયાનમાં આપણા પોતાના સ્વભાવમાં એવો ફેરફાર થવો ન જોઇએ કે જેથી બંદગીના કામમાં ખલલ પોંહચે; તેમજ બની શકે તો આપણી આસપાસ પણ એવી હીલચાલો કે ગડબડાટ નહી થાય તેની સાવચેતી રાખવી, કે જેથી આપણા પવિત્ર અને અપો કામમાં ખલલ ન થાય.

નાસ્તો.

વળી આજની વૈદ્યક વિદ્યાએ સ્વીકારેલો એક કાનુન એ છે કે કોઇ પણ ખોરાક લીધા પછી મગજ ઉપર લોહીનું દબાન થાય છે. ખોરાક લીધા પછી મગજ બંદગી કરવાના કામને નાલાયક થઇ પડે છે. તેથી નાસ્તો કે ચાહ લેવાનું કામ બંદગીથી ફારેગ થયા **પછીજ** થવું જોઇએ. તેમજ નાસ્તો કે કોઇ પણ ખોરાક સાદો અને સત્વગુણી હોય તો

આપણા સદ્‌ગુણો જે સ્પેન્તમેન્યુને લગતા છે, તે ખીલવવામાં મદદ મળે છે; અને દુર્ગુણો, હવસો, ઇત્યાદી જે અંઘરેમેન્યુની પેદાયશ છે, તેને દાબી દેવાના કામમાં ઓછી મુશકેલી નડે છે. પણ તામસ ગુણી ખોરાકથી આપણી મીનોઇ વૃદ્ધિમાં હરકત નડે છે, તેથી બનતાં સુધી એવો ખોરાક તરક કરવાથી આપણી તંદરોસ્તી જલવાવા સાથ રવાનને ફાયદો થાય છે, કારણ કે ખોરાકની અસર શરીરપર થાય છે અને શરીરની અસર મનપર થાય છે અને મનની અસર પાછી તનપર તેમજ રવાનપર થાય છે, એ બીના હરદમ ધ્યાનમાં રહેવી જોઇએ.

વર્તમાન પત્રો.

આજે વર્તમાનપત્રો વાંચવાની જરૂર લગભગ ખોરાક જેટલી અગત્યની થઇ પડી છે. તોપણ તે નાસ્તાની કે બંદગીની આગમચ તો વંચાવવાં ન જોઇએ, કારણ કે વર્તમાનપત્રોમાં સંખ્યાબંધ બાબદો આવે છે, અને તેમાંની કેટલીક દીલ ઉશકેરનારી બાબતો હોય છે, તેથી તે વાંચ્યા પછી મનની હાલત જેમ બંદગી કરવાને નાલાયક થઇ પડે છે, તેમજ દીલ ઉશ્કેરાયલી હાલત નાશ્તો પચાવવાને માટે પણ નાલાયક થઇ પડે છે, એવું વૈદ્યક શાસ્ત્રીઓ અને દાકટરો પણ કહે છે. એટલા માટે વર્તમાનપત્ર વાંચવાનો વખત બંદગી અને નાસ્તા પછીનોજ હોવો જોઇએ. વળી ખુદાને ઠગનારા નહી પણ આખો દીવસ બંદગી-

ને અનુસરીને પ્રમાણીકપણે જીંદગી ગુજારનારા અથવા અષોઇના તરીકા ઉપર અમલ કરનરા રહેવા માટે મનને અને આચાર વિચારને તે પ્રમાણે કેળવવાનું કામ આપણે માથે લીધેલું હોવાથી, વર્તમાન પત્રોમાંથી આપણને જે એવી રીતે જીંદગી ગુજારવાના કામમાં મદદ કરે અથવા લાભકારક જણાય તેવુંજ અને તેટલુંજ વાંચવું સારૂ છે– ખાલી ટાહેલાં કે પીજન ઉપર કે જીવ ધડકાવનારી કે દીલ ઉસ્કેરનારી બાબદો ઉપર કિમતી વખત ગુમાવવો વાજબી નથી. અલબત દુનિયામાં શા શા બનાવો બને છે તે વિષે આજે માહીતગાર રહેવાનું અવશ્યનું ગણાતું હોવાથી એક વર્તમાનપત્ર વાંચવું સારૂં છે, પણ તે એવી રીતે વાંચવું જોઇએ કે તેમાંનો કોઇ વિચાર આપણી મીનોઇ વૃદ્ધિમાં હરકત કરવા દીવસે પાછો આપણા મન ઉપર આવી અથડે નહી.

પશ્ચિમમાં જે વિદ્વાનો શોધો કરે છે તેઓ અમુક બાબદ ઉપર એકાગ્ર ચિત્તે વર્ષો સુધી મનન કરવાથી ફત્તેહ મેલવે છે. જરથોસ્તી ધર્મનું ફરમાન વિચારોને સ્વચ્છ રાખવાનું છે, પણ મન સ્વચ્છ હોય તો મજબુત હોય, અને મજબુત હોય તો એકાગ્ર થઇ શકે. પણ એક કલાકમાં સેંકડો ચીજો ઉપર દોડતું મન ડગમગતુંજ ગણાય, અને જે મન ડગમગતું હોય તે તરેહવાર જાતના વિચારોથી ભરેલું, અને તેટલા માટે નબલુંજ કહેવાય. તેથી વર્તમાન-

પત્રોની લાભકારક થોડીજ બાબદો વાંચી લેવાથી જેટલો ફાયદો થાય તેટલો સઘલીજ વગર જરૂરની બાબદો વાંચવાથી થતો નથી.

ઉદ્યોગ.

આ દુનિયાંમાં જન્મ લીધો એટલે ઉદ્યોગ અને ધંધો રોજગાર તો કરવો જોઇએ. જેની પાસે જરની જોગવાઇ હોય, તે પોતાની જીંદગી અષોઇના તરીકા મુજબ ગુજારી શકે, અથવા તો તે પોતાનો સઘલો વખત મીનોઇ જ્ઞાન મેળવી તે લોકોને આપવામાં કહાડી શકે. સંસારમાં રહી એનાથી બીજી વધારે ઉંચી જીંદગી ગુજારવાની રીત નથી. તેનો બદલો પણ ગેતી અને મીનોઇમાં ઉંચામાં ઉંચો છે, જે જાહેર હોતો નથી.

યથા આત ઉતા ના વા નાઇરી વા વએદા હુઇથીમ, અથા હત વોહૂ તત એ એ આદૂ વેરેજયોતચા ઇત અહ્માઇ ફ્ચા વાતો યોતૂ ઇત્ અયોઅબ્યો યોઇ ઇત્ અથા વેરેજયાન યથા ઈત અસ્તી.

"વળી નર યા નારી સારી બાબદો (મીનોઇ જ્ઞાન) ખરેખર જાણતાં હોય તો તે જાહેર કરે, (તે ઉપર) પોતે અમલ કરે, અને બીજાઓ જેઓ ઘટતી રીતે તે પ્રમાણે ચાલે, તેઓને તે શીખવે."

["મોટી હપતન યશ્ત," ક ૧, ફ. ૬.]

અત્‌જી તોઇ વક્ષયા મજદા વીદૂષે જી-ના મ્રુઆત
હ્યત અકોયા દ્રેગવાઇતે ઉશ્તા યે અષેમ દાદ્રે
હુવો જી માંથ્રા ખ્યાતો યે વીદૂષે ત્ર્વઇતી

"અએ હોરમજ્દ! તારા (માથ્ર) (લોકોમાં) ખચીત હું જાહેર કરીશ; કારણ કે (દીનદાર) માણસે સમજુ સખ્સને જણાવવું જોઇએ કે (સેવટે) બુરાને માટે શિક્ષા (છે), તથા જે કોઇ રાસ્તીને ટેકો આપે છે (તેને માટે) સુખાકારી (છે), વળી જે કોઇ ડાહ્યા સમજુ માણસને માંથ્રની ખુબીઓ સમજાવે છે, તે પોતે ખચીત ખુશાલ (હોય છે)"

[**વોહુક્ષથ્ર ગાથા,** હા ૫૧, ફ. ૮]

આ ઉદ્યોગ ઉંચા પ્રકારનો છે, પણ એના ફાયદા એવા છે કે કદાચ આ દુનિયાંમાં માણસને તે નહીંબી જાણ પડે; તો જો કે અશો જીંદગી ગુજારનારાઓમાંના વિચારવંત માણસોને તેનો ભાસ થયા વગર રહેતો નથી. આ ફાયદો મેળવનારાઓમાં ધર્મગુરૂઓ અને ધર્મના પવિત્ર સબક આપનારાઓ આવી જાય છે. પણ તેઓજ કે જેઓ પોતાના કાંઇ પણ લાભ, માન, નામ કે દામ મેળવવા ખાતર કામ કરતા નથી, પણ માત્ર ખુદાની સેવા માટેજ પોતાની જીંદગી અર્પણ કરનારા હોય.

હવે સંસારી ઉદ્યોગ ઉપર આવીયે. દરેક માણસ જ્યારે જન્મ લે છે ત્યારે તેને જીવવું તો જોઇયે; જીવવું જોઇયે ત્યારે ગુજરાન તો ચલાવવું જોઇય; અને ગુજરાન ચલાવા માટે તેને કોઇના ઉપર બોજો થઇ પડવું ન

જોઇયે—એટલા માટે સર્વે કોઇને ઉદ્યોગ કરવો જોઇયે. જે શ્રીમંત પાસ જર હોય અને તેનામાં ઉપર મુજબ જીંદગી ગુજારવાની શક્તિ ન હોય તો તેણે પણ સંસારમાં ઉદ્યોગ કરવો જોઇયે, કારણ કે જરથોશ્તી ધર્મ તથા સંસાર ની આડે નહીં આવે એવા કોઇ પણ જાતના પ્રમાણીક ઉદ્યોગમાં રોકાવાથી (૧) મનમા ખરાબ વિચારો આવતા અટકે છે; (૨). દુનિયાંમાં ઘણાં ભલાં કામો કરવાને શક્તિવાન થવાય છે; (૩) સખાવતનાં કામો થઇ શકે છે; (૪) માણુસ જાતની ઉપરનું દુઃખ ટાળવામાં મદદ કરી શકાય છે, ઇત્યાદી, ઇત્યાદી. પણ એક શ્રીમંત જો મન મારનાર હોય, પોતાને મન ગમતાં એશ આરામ તરફ કરનાર હોય, તે અષોઇના માર્ગ ઉપર ચાલનાર હોય, અને તેની નજર આદમ જાતના દુઃખ તરફ ચોંટી હોય તો તે પણ બેઉ જેહાનના એટલા ફાયદાઓ હાંસલ કરી શકે કે જેનું વર્ણન થઇ શકે નહીં—તે અમશાસ્પંદો અને યજદોનો હમશરીક થાય. અમશાસ્પંદો અને યજદો જગતના ભલાં માટે કામ કરે છે, પણ સંસારમાં તે કામ કરવા માટે તેમને માણુસ જોઈયે છે, કે જેની મારફતે તેઓ તે કામ બજાવે. એટલા માટે જો માણુસ અષો જીંદગી ગુજારે તો તે તેમના પ્રતિનિધી જેવો થઇ રહે, અને તેથી તેની મારફતે તેઓ પોતાનાં ભલાં કામો બજાવે.

પણ સર્વે જરથોશ્તીઓએ તો ઉદ્યોગ કરી, "ખેતી કરી," ધંધો રોજગાર કરી, અને તે નહીં બને તો કોઇ ભલાં

જનોની સેવા કરી પોતાનું ગુજરાન પોતાને હાથે કરી લેવું જોઇયે. જરથોશ્તી ધર્મ સાથ ખેતીવાડીનો હુન્નર અતિ અગત્યનો સંબંધ ધરાવે છે, જરથોશ્તી ધર્મનો એક ભાગ એજ હુન્નર ઉપર રચાયલો હતો, એ ધર્મનો એક ભાગ ખેડુત પ્રજા માટેજ જાહેર થયો હતો, કારણ કે ખેતીવાડી માણસનો જીવનગારો છે. આપણ એવા સંજોગો વચ્ચે રહીયે છીયે કે ખેતીવાડીના ફાયદા જાણવા માટે આપણને જોઇએ તેવી જોગવાઈ મળતી નથી, કારણ કે આપણી પ્રજાનો સંબંધ લગભગ તેથી છુટો થઇ ગયો છે. ખેતીવાડીમાં, જો સરકાર માયાળુ હોય તો, પ્રજા ભુખે મરે નહીં—તેને અરધી રોટી પણ મળે. પણ ખેડુતોની સંખ્યા અને ખેતીનો વિસ્તાર ખેતી ખાનારોની સંખ્યા અને વિસ્તારને પુરતાં ન હોય તો પૂરતો ખોરાક અને પુષ્ટી આપનારો ખોરાક કયાંથી મળે? જરથોશ્તીઓમાં જો પુરતો ખોરાક અને પુષ્ટી આપનારો ખોરાક નહીં મળતો હોય તો તેઓએ પોતાની ખેતી પોતાને હાથે બનાવવાને મંડવું જોઇયે.*

વેપાર-રોજગાર.

ખેતીવાડી પછી વેપાર ધંધો આવે છે. પ્રમાણીકપણે વેપાર ધંધો કરવાથી માત્ર સંસારીજ ફાયદા થાય છે એમ

---

* આજે જરથોશ્તીઓ માટે "નોકરી" ની હાલત ગુલામગીરી કરતાં વધારે ખરાબ થઇ પડી છે. જ્યારે આજે જરથોશ્તીઓ સારૂ ખાસ તેવી નોકરી માટે દરવાજા બંધ થતા જાય છે, ત્યારે તેઓનું ધ્યાન આ તરફ કાં નહીં ખેંચવામાં આવે?

નથી, પણ તેથી ધર્મને લગતા ફાયદા પણ થાય છે. સખાવતની જેટલી રકમ એક વેપારીથી કહાડી અપાય એટલી નોકરી કરનારથી કહાડી અપાતી નથી, અને જ્યારે આ દુનિયાંમાં સખાવતની કીંમત અંતઃકરણ કરતાં પૈસાની રકમ પ્રમાણે અંકાય છે, ત્યારે આવી સખાવત અગત્યની થઇ પડે છે. તો જો કે એક ગરીબ પોતાની ગુંજાસ મુજબ ખરાં અંતઃકરણથી થોડી પણ સખાવત કરે તે, મીનોઇ કાયદે જોતાં, વધારે મોટી ગણાવી જોઇયે. વળી ધંધા રોજગારમાં અને ઉદ્યોગમાં મન રોકાયલું રહેવાથી તેટલો વાર ખરાબ વિચારો આવતા અટકે છે; કુટુંબનો અને સંસારનો વહેવાર સેહલાઈથી ચલાવી શકાય છે, ગરીબ સગાં સ્નેહીઓને મદદ કરી શકાય છે, અને બીજા પણ ફાયદાઓ થઇ શકે છે.

નોકરી.

જરથોશ્તી કોમનો મોટો ભાગ આજે નોકરી કરી પોતાનુ ગુજરાન કરે છે. કોઇની ઉપર બોજો નહી થઇ પડવું એ ગોયા જરથોશ્તી ધર્મનું ફરમાન હોય એવો એક ભલો વિચાર ટોળામાં ચાલુ હોવાથી પોતાના ગુજરાન માટે કોઇની ઉપર બોજો થઇ રહેવા કરતાં કાંઇપણ ઉદ્યોગ કરી પોતાનું ગુજરાન સ્વતંત્રપણે કરવાનો રેવાજ અસલથીજ ચાલુ છે. આથી જરથોશ્તી ટોળામાં જેટલા પ્રમાણમાં ખરેખરી ગરીબાઇ વાસો કરતી હોય તેટલી પણ બહાર જણાતી નથી,

અને તેજ કારણને લીધે "જરથોશ્તીઓમાં ભીખારી નહી" એ કેહવત દુનિયાંમાં જાણીતી છે. એટલા માટે કોઇની ઉપર બોજો થઇ પડવા કરતાં ગમે તેવો ધંધો કે નોકરી કરી પોતાનું ગુજરાન કરવું સારૂં છે. ઉદ્યોગી માણસ કોઇનો ઓશીયાળો રહેતો નથી. એના બીજા સંસારી ફાયદા ઉપરાંત જે એક મીનોઇ ફાયદો થાય છે તે એ કે, તે સ્વતંત્ર હોવાથી કોઇની મરજીને તાબે થવાને બદલે પોતાની મીનોઇ વૃધ્ધિ માટે પોતાના અંતઃકરણમાંથી આવતી ખુદાઇ સુચનાઓને અનુસરીને પોતાની જીંદગી ગુજારી શકે છે. પરતંત્ર રહેવામાં આપણને ઓશીયાળાં રહેવાથી જરદારોની મરજીને કેટલીક વાર શરણ થવું પડે છે, અને ધર્મના કાનુનો પણ તોડવા પડે છે. તેનો એક દાખલો :--

એક ગરીબ વીધવા પોતાના બચ્ચાં સાથ એક ચાલમાં રહેતાં હતાં. તેમને તે ચાલના માલેકે ઓછે ભાડે રહેવા દીધાં હતાં. પણ ચાલના ધણી "સુધારાવાળા" હતા તેથી પેલી વીધવા જ્યારે માસીક હાલતમાં દુર બેસતાં હતાં ત્યારે ઘરધણી ધમકી આપતા હતા કે એવો "દેખાવ" કરશે તો એ ચાલમાં રહેવા દીધામાં આવશે નહી.

એ અને એવાજ બીજા દાખલાઓમાં દીનદાર ગરબી જરથોશ્તીઓની મરજીનો કાબુ બીજાંઓ લે છે, જેઓને

જરથોશ્તી ધર્મે મીનોઇ (ખુદાઇ) જીંદગીનો નાશ કરનાર ગણ્યા છે:—

તએચીત્ મા મોરેન્દેન જયોતૂમૂ યોઇ દ્રેગવતો મજિબીશ ચિકોઇતેરેશ અંઘરેહીશ્ચા અંઘહુવરચા અપયેઇતી રએખેનંઘહો વએદમ યોઇ વહિશ્તાત્ અષાઉનો મજદા રારેષ્યાન મનંઘહો.

"મારીથી (ભોગવાતી) જીંદગી ગુજારવાની રીતીને તે શખ્સો ખરાબ કરે છે કે જેઓ બુરાઓને મોટા ગણે છે, શેઠો અને શેઠાણીઓની દોલતનો કબજો મેલવે છે, (તથા) જેઓ રાસ્ત (માણસો) ને સૌથી નેક વિચારથી પાછા રાખે છે (યાને તેઓના દીલમાં દીનના ફરમાનો બાબે વસવસો ઉત્પન્ન કરીને બુરા વિચારો પેદા કરે છે)."

[અહુનવદ ગાથા, હા ૩૨, ફ. ૧૧.]

જરથોશ્તી ધર્મનો મૂળ પાયો અષોઇ ઉપર રચાયલો છે, અને માણસના ખોરેહને પવિત્ર રાખવાની તેમાં ખાસ ગોઠવણો થયલી છે, જે તેના ફાયદાકારક રીવાજોમાં આપણ જોઇયે છીયે.

માસીક હાલતમાં દુર બેસવામાં વૈદ્યક વિદ્યાને જણાયલા સબબો ઉપરાંત ખોરેહની જાળવણી અને ગર્ભસ્થાનના પદાર્થો બીજા સબબો છે. ખોરેહની જાલવણી માટે જરથોશ્તી રાહબરમાં પુરતો ખુલાસો કીધો છે. ગર્ભસ્થાનના પદાર્થ સંબંધી આ ઠેકાણે કાંઇ કહી

શકાતું નથી કારણ કે બાબદ ઘણી નાજુક છે. તોપણ આટલું કહી શકાશે કે એ પલીદી સાથ જાદુઇ શીહા એહ્મને સંબંધ છે અને એની પરહેજી જાળવવામાં ખામી પડવાથી ઓરત જાતને ઘણા માંઠાં પરિણામો સોસવાં પડે છે, અને તેઓ ઘણા દુઃખ દરદોના ભોગ થઇ પડે છે.*

પણ એક ગરીબ માણસ પરતંત્ર રહેવા કરતાં નોકરી કરીનેબી પોતાનું અને પોતાના કુટુંબનું ગુજરાન કરે તો તે સ્વતંત્ર રહી શકે છે, એટલુંજ નહીં, પણ સંસારમાં આબરૂ-દરકારથી રહી શકે છે. તે પોતે પોતાની હાજતો માટે કોઇનો મોહતાજમંદ રહેતો નથી, અને થોડે ઘણે દરજ્જે પણ સ્વતંત્ર રહેવાથી પોતાની મરજી મુજબ પોતાનો ધર્મ પાલી શકે છે, અને પોતાની મિનોઇ વૃદ્ધિ આગળ વધારી શકે છે.

ફુરસદનો વખત કેમ ગાળવો?

દીવસના ઉદ્યોગમાંથી ફારેગ થયા પછી આપણા લોકોમાં સાંજનો વખત માણસની વલાણ અને આચાર વિચાર પ્રમાણે, રમત ગમતમાં કે ટૉળ ટપ્પામાં યા એવીજ કોઇ કલબોમાં પસાર કરવામાં આવે છે. હવે મનનો સ્વભાવ એવો છે કે તેને જે ચીજમાં મજાહ મેલવવાની ટેવ પડી હોય તેમાં તે મજાહ માની લે છે. કોઇ

* જુઓ "માસીક હાલતવાળી ઓરતોને દુર બેસવાની જરૂર," આવૃત્તિ ત્રીજી, રચનાર એક જરથોશ્તી.

ક્રીકેટ રમવામાં, કોઇ ખાવાપીવામાં, કોઇ ટૉળ-ટપ્પામાં, કોઇ રંગ રાગમાં, કોઇ અભ્યાસ, ઇત્યાદીમાં મોજ સમજે છે. સૌ સૌની વળાણુ પ્રમાણે માણસ રસ્તો લે છે. તેથી જો જરથોશ્તી ભાઇઓ અને બેહનો કુરસદના વખતે ધર્મ-પુસ્તકોનો અભ્યાસ કરવામાં મજાહ મેલવવાની ટેવ પાડે તો તેના ફાયદા હું અત્રે વિસ્તારી શકતો નથી. જીંદગીમાં કુરસદનો વખત ગાલવાને એના કરતાં વધારે ઉંચુ બીજુ કોઇ સાધન નથી,—બલકે એક બારગી એમ કહીયે તો ચાલે કે જન્મ લેવાનો ખાસ હેતુજ ખુદાને પીછાનવાનો હોવાથી તેની પીછાન માટે ધર્મનો અભ્યાસ કરવાને બની આવે એટલો વખત ફાજલ પાડવો જોઇયે. જો કોઇ તરફથી એવો સવાલ કરવામાં આવતો હોય કે, "આખા દીવસના થાકેલા પરાગેલા બે ઘડી રમત ગમતમાં મજાહ નહીં મેલવીયે કે?" તો તેનો નમ્રતાઇ ભરેલો જવાબ, જેઓ આખો દીવસ સંસારમાં મગજનું કામ કરનારા હોવા છતાં કુરસદનો વખત પણ ધર્માભ્યાસમાં કહાડે છે તેઓને પુછવાથી માલમ પડશે. તેઓ જણાવે છે કે સંસારના કામોમાં મનશક્તિ આખો દિવસ રોકેલી રાખવાથી કંટાલો આવવા છતાં, સાંજે એક બે કલાક ધર્મના અભ્યાસમાં કે ધર્મને લગતી વાતચીતમાં રોકવાથી તેમને ગોયા તાઝગી અને આસાએસ મલી હોય એમ લાગે છે. તેનું કારણ એજ કે માત્ર મનની વૃત્તિમાં ફેરફાર થવાથી

મનને આસાએસ જેવું લાગે છે. રમત ગમતમાં પણ માત્ર મનની વૃત્તિજ ફેરવવાથી આસાએસ જેવું લાગે છે, બાકી મનતો રમતગમતમાં પણ રોકાયલુંજ રહે છે. સવાલ માત્ર એકજ ચીજ પસંદ પડતી છે કે નહિ તેનો છે. ધર્મનો અભ્યાસ અંતઃકરણને રાહત આપનારો હોવાથી એક જાતની એવી અંતર ખુશાલી પેદા કરે છે કે તેની મોજનો સંસારી રમત ગમતમાં કે ખાન-પાનમાં મોજ સમજનારાઓને ખ્યાલ વટીક નહીં આવે. એજ કારણને લીધે જેઓ આ અભ્યાસમાં ગુતેલા છે તેઓ એ ખ્યાલમાં એટલા ચકચુર બની જાય છે કે તેઓને કેટલીકવાર પોતાની આસપાસ શું બને છે તેની ખબર વટીક પડતી નથી; તેઓ પોતાનાં સંસારી સંકટો ભુલી જાય છે. આ ઉપરથી જોઇ શકાશે કે જેમ એક દારૂ પીનારને દારૂથી મોજ મલે છે, અને એક વાર દારૂ મલે તો તે ફરીથી પી તેની મસ્તીમાં ચકચુર બને છે, તેમ આ અભ્યાસથી પણ મીનોઇ જ્ઞાનની મસ્તીમાં આનંદ મેળવાય છે. તફાવત માત્ર એટલોજ છે કે પેહેલાનો હોશ જ્યારે ઉંધો પડે છે, ત્યારે બીજાની હુશીયારી વધતી અને વધતી જાય છે. એટલા માટે મીનોઇ જ્ઞાનને સુફીઓએ "શરાબ" ની ઉપમા આપી છે.

તોપણ આટલી વાત ધ્યાનમાં રાખવી જોઇયે કે આપણામાં જે એહેરેમન છે તે હંમેશાં ભલાં કામમાં અટ-

કાવ નાખ્યા કરે છે; તેથી વારેવાર આપણા મનમાં આ અભ્યાસ માટે આળસાઇ કે અણુગમો ઉત્પન્ન થાય છે, અને શરૂઆતમાં તો કદાચ ખચીતજ તેમ થાય. જરા જેટલું નજીવું બહાનુ મલવાથી આ અભ્યાસ ચુકાવાનું મન થાય છે, અને એક દીવસ ચુકવા દીધો તો કદાચ પછી લાંબા વખત સુધી તે પાછો હાથ ધરવાની જોગવાઇ મલતી નથી. એટલા માટે જેમ શરીરના પોષણ સારૂ ખોરાકની જરૂર વિચારવામાં આવે છે તેમ રવાનનાં પોષણ સારૂં મીનોઇ જ્ઞાનની અવષ્ય જરૂર માનવી. એમ વિચારી તેની પાછલ ખંતથી મંડવું. તેનો બદલો જરૂર મલ્યા વગર રહેતો નથી, અને થોડા વખતમાં તેથી ઉપર કહ્યા મુજબની ખુશાલી લાગવા માંડશે.

આથી માલમ પડશે કે મીનોઇ જ્ઞાનનો યા ધર્મ પુસ્તકોનો અભ્યાસ કરવાથી ઘણા ફાયદા થાય છે:—

(૧) થાકેલા જીવને આસાએસ મળે છે, (૨) રવાનને પ્રકાશ મળે છે; (૩) અક્કલ હુશીયારી વધે છે; (૪) જીંદગીમાં જીવેલું પ્રમાણ થાય છે; (૫) સંકટમાં સબુરી મળે છે; (૬) દુઃખ ભુલી જવાય છે; (૭) ખુદાની વધારે નજદીક જવામાં મદદ મળે છે; (૮) પાપમાંથી છુટકો થાય છે; (૯) ખુદાઇ જ્ઞાન મળે છે; (૧૦) મરણ પછી ઉંચુ બેહેસ્ત મળે છે, ઇત્યાદી.

ક્લબો.

પારસી જુવાનોમાં આજે "ક્લબો" સ્થાપવાનું કામ સાધારણ થઇ પડયું છે. "ક્લબ" ઇંગ્રેજોની નકલ છે, અને તેની નેમ આસાએશને બહાંને માત્ર રમતગમત અને મોજમજાહ કરવામાં સમાયલી છે. ઉમરે પોહોંચેલા માણસો માટે એવાં મંડળો જેટલાં વાંધાં ભરેલાં ગણાતાં નથી તેટલાં જુવાન માણસો માટે તે ગણાય—તે નુકશાન-કારક ગણાવાં જોઇએ. કારણ કે મેહેનત અને પૈસા ખરચાવાનાં પ્રમાણમાં ફાયદો થતો નથી, પણ ઓર નુકશાન થતું જોવામાં આવે છે. ઇંગ્રેજો અને બીજા દેશીઓ, જેઓ મોટા પાયા ઉપર કલબો સ્થાપે છે, તેમનો હેતુ વગવાળા લોકોએ રાજદ્વારી ફાયદા હાંસલ કરવાનો હોય છે, તેમજ કોમ અને દેશને ફાયદો કરવાનો હોય છે. જો તે ધોરણ ઉપર આપણા પારસી જુવાનો કાંઇ ધર્મનો અભ્યાસ કરવા—ધર્મ સંબંધી કે સંસારી ખરો સુધારો કરવા—અથવા એવાજ કોઇ ફાયદાકારક હેતુથી એક કલબ સ્થાપે, અથવા તો જે કલબો હાલે મોજુદ છે તેઓને તેવી નેમ માટે ફેરવી નાખવામાં આવે, તો તે આપણું માન ખેંચી શકે; પણ માત્ર મોજમજાહ માટે જો કલબો સ્થાપવામાં આવતી હોય તો, જરથોશ્તી માબાપોએ પોતાનાં બાળકોને અને જુવાનોને, એવાં મંડળને ખાનાખરાબીનાં બી વાવનાર ખાતાંઓ તરીકે સમજી, અટકાવવામાંજ ફાયદો ગણવો જોઇયે.

સરોષની રાહબરી.

સરોષ એક મોટામાં મોટો રાહબર યજદ છે. જરથોશ્તી ગાથા, જેમાં સઘળા ફરેસ્તાઓના નામ જણાતાં નથી, તેમાં સરોષનું નામ મલે છે. એ ઉપરથી સરોષનું મહત્વ ઉંચુ માલમ પડે છે. તે બેહોશીમાં રવાનની પાસબાની કરે છે; રાત્રે ઉંઘમાં અને મરણ પછી, જ્યારે આપણો હોશ જાગૃત હાલતમાં હોતો નથી, ત્યારે તે આપણા રવાનની પાસબાની કરે છે. તેથી જરથોશ્તીઓમાં રાત્રે સુતા આગમચ "સરોષ યશ્ત રાતની વડી" અથવા નાની "સરોષ યશ્ત" ભણવાનો ચાલ છે. માંદગીમાં કે બીજી રીતે જો આ યશ્તો આખી ભણવાનું બની આવતું નહી હોય તો "સરોષ બાજ" પણ ભણી બીછાનાંપર જવું સારૂં છે. તેના ફાયદા "સરોષ યશ્ત" માં દર્શાવવામાં આવ્યા છે.* દરેક માણસને સરોષથી ખુદાઇ જ્ઞાન મલે છે, ખુદ અશો પેગમ્બર જરથોશ્ત સાહેબને પણ સરોષની મારફતે ખુદાઇ જ્ઞાન મલ્યું હતું. હોમ, જેની આરાધના અષો જરથોશ્તે કીધી હતી, તેણે સુધ્ધાં મિથ્ર ભેગાં સરોષને આરાધ્યો હતો.† તેથી એ યજદની પનાહપોશીમાં રહેવાથી દરૂજી શક્તિઓ, જેનું બળ રાત્રે ઘણુ વધી જાય

---

* જુઓ "જરથોશ્તી રાહબર": બાબદ "સરોષનો પગામ."

† હોમે સ્રઓષને આરાધ્યો—સ્રઓષ યશ્ત, કરદો ૮, ફ. ૧૯; હોમે મિથ્રને આરાધ્યો—મેહેર યશ્ત, કરદો ૨૩, ફકરો ૮૮.

છે, તેમનાથી આપણો બચાવ થાય છે. વળી દરરોજ એની સેતાએશ કરવાથી મરણ પછી પણ તે આપણી—રવાનની—પાસબાની કરે છે, એમ અવસ્તા ઉપરથી જણાય છે.

રાતનું ખાણું.

પણ આટલું ધ્યાનમાં રાખવું જોઇયે કે, જો કોઇ માણસ રાત્રે એંધીની માફક ખાય, દારૂ પીએ, અને એવીજ રીતે પોતાના મગજપર લોહીનો જુસ્સો વધવા દે તો, તેનું ભણેલું તેને જોઇયે એવી મદદ કરી શકે નહીં. સૌથી ઉત્તમ રીત સૂર્યાસ્ત આગમચ રાતનું ખાણું લેવાની છે; પણ હમણાના પારસી સંસારમાં તેમ બનતુ ન હોવાથી ધર્મી જીંદગી ગુજારવા માટે તો રાત્રે જેમ બને તેમ હલકો ખોરાક લેવામાંજ ફાયદો છે.

આપણા ખોરાક અને પોષણ માટે જે યજદો અનાજ, ફળફળાદી, વનસ્પતી, ઇત્યાદી ઉત્પન્ન કરે છે તેમનું અહેસાન માન્યા વગર ખાણું ખાવું ગોયા ચોરીનો માલ ખાધા બરોબર છે. એટલા માટે દરેક વેળા બાજ ધરીને ખુદા અને તેના ફરેશ્તાઓને યાદ કરી ખાણું ખાવું સારૂં છે. પુરતી ગંભીરતા સાથે ખાવાથી ખાણું સારી રીતે હજમ થવા સાથ આપણ ખુદાના ગુનેહગાર ઠરતા નથી. મોટા મેળાવડાઓમાં સુધાં ખાણું ખાતી વેળા બાજ ધરી પુરતી ગંભીરતા સાથેજ ખાણું ખાવું જોઇયે. "હુરરે"

ના પોકારો કરવા એ જરથોશ્તી રસમ છેજ નહી—એ માત્ર જંગલી રસમ છે—તે આપણા લોકોએ અખત્યાર કરી ભુલ કીધી છે. તે જેમ બને તેમ જલદીથી દુર કરવી જોઇએ. એવી રીતના ધીંગા મસ્તી સાથ આપણુ ખાણું ખાતી વેળા, એક તરફથી ફરેશતાઓને યાદ કરી, બીજી તરફથી આપણી આસપાસ ગોયા દેવદરૂજોનું લશકર બોલાવીયે છીયે. તેમાં કોઇ પણ ફાયદો સમાયલો નથી. બહારના બીજા લોકો તેથી એવું સમજે છે કે પારસીઓ દારૂ પીવા બેઠા છે, અથવા દારૂ પી છાકટા થયા છે—તે વેળા આપણુ દાનાવ માણુસ છીયે, એવું જેમ આપણુ ભુલી જઇયે છીયે, તેમજ બહારના લોકો પણ એવો પોકાર કરનારાઓને દાનાવ ગણે નહી. માત્ર એક રીવાજ પડી ગયાથી આપણુને એમાં ખોટું લાગતું નથી.

બીછાનાની પવિત્રાઇ.

સાદો અને હલકો ખોરાક લીધા પછી પણ થોડો વખત વચમાં ગાલ્યા પછી બીછાનાપર જવાથી આપણે આપણા બચાવ માટે ગોયા આપણી આસપાસ એક મીનોઇ દેવાલ બાંધીયે છીયે. જો સૂર્યાસ્ત આગમચ ખાવાનું બની આવતું હોય તો અઇવીસ્રુથ્રેમ ગેહમાં સરોષ યશ્ત ભણી બીછાના ઉપર જવાથી વધુ ફાયદો થાય છે. ખરૂં જોતાં તો એજ ગોઠવણ વાજબી છે. પણ આપણા સંસારમાં રાતનો ખાણાનો વખત બહુ અસુરો રાખવાથી ખાધા આગમચ સરોષ યશ્ત ભણવાનો રવેયો છે.

પણ જેઓથી નહી બનતું હોય તેઓએ બનતાં લગી બીછાનાપર જવા આગમચ આગળ જણાવેલો ગાથાનો ફકરો અથવા નીચલી નીરંગ પણ ભણીને સુવાની કોશેશ કરવી. તેમ કરવાથી રાત્રે ઉંઘમાં તે પોતાનો કાંઇબી બચાવ કરી શકશે.

નામ યજદ નામ હોરમજદ ખોદાએ અવજુની એજઆર દઅજી ગોશદાર કસને પેતીઆર મેહર સરોષ દઆર સરોષ ગોશદાર કસને પેતીઆર અહુરેમ મજદામ અહુરમજદ અમેશાસ્પંદાન મેહર સરોષ રશન નામ દજદ નામ અહુરમજદ ખોદાએ અવજુની. અષેમવોહુ ૧.

આ નીરંગ ભણવાનો ફાયદો એ કે, આગળ કહ્યા મુજબ રાત્રે દરૂજોનું બળ વધારે હોવાથી, આ નીરંગ ઉંઘમાં આપણા બચાવ જેવી થઇ પડે છે.

વળી જે મીનોઇ ફાયદો આપણે દીવસે સેંકડો સંસારી ખટપટોને લીધે મેળવી શકતા નથી તે ફાયદો, જો પવિત્ર જીંદગી ગુજારતા હોઇયે તો, રાત્રે ઉંઘમાં મેળવી શકીયે છીયે. જેમ ખોરાકને પચાવાની જરૂર છે,—જો તે પચે તોજ ખોરાક ખાધેલો પ્રમાણ—તેમજ જ્ઞાન પણ "પચેલુ" હોય તોજ કામનું. તેથી દીવસે મન ભમતું હોવાથી મીનોઇ જ્ઞાન આપણ બરાબર સંપાદન કરી (પચાવી) શકતા નથી, પણ જે મીનોઇ અભ્યાસ દીવસે કીધો હોય તે રાત્રે પચાવવાને બની આવે છે. તેથી બીછાનાનું "મેગ્નેટીઝમ" જો સારૂ

૪

હોય તો, ઉપલી રીતે જીંદગી ગુજારવાથી ઉંઘમાં ઉંચી જાતના ખોવાબ આવે છે, કોઇવાર આગાહી થાય છે, ઇત્યાદી. એનું કારણ એ કે આપણુ સંસારમાં લપેટાયલાં હોવાથી દીવસે જે અટકાવો મળે છે તે રાત્રે મળતા નથી, અને રવાન ઉંઘમાં મીનોઇ દુનિયામાં હોય છે, ત્યાં તે કેટલુક કામ સહેલાઇથી કરી શકે કે જે સંસારની જંજાલો વચે બનતું નથી. જાનવરી જીંદગી ગુજારત્રા સાથ ઉંઘમાં મીનોઇ દુનિયાંના નીચલા તબક્કા ઉપરજ રવાન રહે છે; પણુ પવિત્ર જીંદગી ગુજારવાથી તે ઉંચા તબક્કા ઉપર જઇ શકે છે. સાધારણુ સ્વપ્નાઓ જયારે નીચલા તબક્કાઓ ઉપર હોવાથી અંધકારમાં જોઇયે છીયે, ત્યારે ઉંચા તબક્કાઓ ઉપર વધારે ને વધારે સ્પષ્ટ અને કોઇવાર રોશનીમાં પુર હુશીયારી સાથ તે જોવામાં આવે છે, જ્યારે તે એક જાતની "બસારત" ગણી શકાય.

ફરજીયાતને અનુસરતી જીંદગી.

આગલા ભાગમાં આપણે સાધારણુ રીતે દરરોજની જીંદગી ગુજારવાની જરથોશ્તી ફરજીયાતો જોઇ આવ્યા છીયે. પણુ તે ફરજીયાત ગુજારવા સાથે જો આપણે આપણી જીંદગી સુધારવાની કોશેશ નહી કરીયે તો આપણી હાલત એક ઘડીઆળ કે ગાયથી વધારે ચઢતી ગણુાય નહી; કારણુ કે એક ઘડીઆળને ચાવી આપયાથી તે ચાલે છે, પણુ પોતે સમજતું નથી કે પોતાનો ઉપ્યોગ કેટલો છે, તેમ એક

માણસ પોતે શું કરે છે તે સમજવાની કોશેશ કર્યા વગર જો તે ભણતર કે કામ કર્યો જાય તો તે પણ એક ઘડીયાળ જેવોજ છે—તેનું કામકાજ યાંત્રીકજ ગણાય. તેમજ કોઇ માણસ મૌંસ–મછીનો ખોરાક તજી દઇ બીજી રીતે તેને અનુસરતી જીંદગી નહી ગુજારે તો, તેની હાલત પણ ગાય-બળદ જેવીજ ગણાય—ગાય–ઢોર પણ માંસ ખાતાં નથી—તેઓ માત્ર ઘાસ ખાઇ જીવે છે.

એટલા માટે પવિત્ર જીંદગી—મીનોઇ જીંદગી—ગુજારવા સાથ મીનોઇ જ્ઞાનની સમજ લેવાની જેટલી બની આવે એટલી કોશેશ કરવી જોઇયે, અને તેવીજ રીતે આપણા નીચ હવસો, હેવાનીયત અને જુસ્સાઓ ઉપર કાબુ મેળવી, સદ્ગુણોને ખીલવવા જોઇયે.

એવી રીતે જીંદગી ગુજારવાથી આપણે ખુદાની વધારે ને વધારે નજદીક જઇયે છીયે, ખુદા આપણામાં બેહેતર રીતે પ્રગટ થાય છે.

એવી રીતે જીંદગી ગુજારવા માટે આપણાં કામકાજો નેક હોવાં જોઇએ. આગળ જણાવવામાં આવ્યું છે તેમ આપણને સુખ અને ખુશાલી માટે જુદા જુદા વિચારો હોય છે—કોઇ કંઇમાં સુખ માને છે, અને કોઇ કંઇમાં માને છે. આપણે મુખ્ય કરી (૧) મીનોઇ જ્ઞાનમાં સુખ માનવાની ટેવ પાડવી જોઇયે; પણ જેઓની મનશક્તિ ઉંચી જાતનું જ્ઞાન

સંપાદન કરવાને લાયક નહી હોય, અથવા ઓછી લાયકાત હોય, તેઓએ (૨) કોમની સેવા બજાવવા કોઇ ધર્મ સંબંધી મંડળીમાં સામેલ થઇ તે મંડળીને લગતાં નાના પ્રકારનાં કામો કરવાં, અને તે મંડળીની મારફતે વગર સ્વાર્થે કોમની, દેશની કે દુનિયાંની સેવા બજાવવી, કે જે સેવાઓ ખુદાની સેવા બજાવ્યા બરોબર છે. જેમ જ્ઞાનથી તેમજ ખુદાની સેવાથી પણ આપણો રસ્તો મોકલો થાય છે, અને એવી બીનસ્વાર્થી સેવાથી કોમનું, દેશનું અને દુનિયાનું દુઃખ ઓછું થાય છે.

હરગેજ એમ નહી સમજવું કે "મારા જેવા નાચીઝ માણસની મહેનતથી તે દુનિયાનું દુઃખ શું ઓછું થવાનું હતું ?" તમારી જેટલી લાયકાત હોય તેથી વધારે ભારી કામો કરવા—તમારી કાયનાત અને ગુંજાસ ઉપરાંત કામ કરવા—ખુદા ઇચ્છતો નથી. આપણામાં જે ગુંજાસ હોય તેનાજ પ્રમાણમાં, પણ દીલસોજીથી અને અતઃકરણથી, તે સેવા બજાવવાની અસર, તે કામ ગમે એવું દુનિયાંની નજરે નિર્જીવ લાગતું હોય તોપણ, આખી દુનિયાંમાં પંથરાશે, અને "કોઇ પણ કારણ તેની અસર મોડે કે વેહલે લાવ્યા વગર રહેતું નથી" એ કુદરતના કાયદા મુજબ, તે કામને મજબુતી મળ્યા વગર રહેશે નહીં. પણ આ સઘળું અત્યંત પ્રમાણીકપણે, પુરતા ભાવથી, અને સાચવટ સાથ થવુ જોઇયે.

સાદો ખોરાક.

ખોરાક માટે આગલ આપણુ જોઇ ગયા છીયે. પણ અત્રે તેની લાયક જગા ઉપર થોડા વધુ શબ્દો કહેવાની જરૂર છે. સાદો ખોરાક અષોઇના તરીકાને—અને એટલા માટે જરથોશ્તી જીંદગી ગુજારવાને—અવષ્યનો છે અને તેના ફાયદા સર્વે વૈદ્યક શાસ્ત્રીઓ, વિદ્વાનો, ફીલસુફો અને પેગામ્બરો સમજાવે છે. સાદા ખોરાકથી આપણુ દુઃખ દરદથી બચી જઇયે છીયે; તેથી આપણુ આપણા નીચ હવસો ઉપર કાબુ રાખી શકીયે છીયે; તેથી પૈસાનો બચાવ થાય છે; તેથી અક્કલ હુશીઆરી વધે છે; તેથી વધેલા પૈસા બીજા ભાઇબંધો અને સગાં સ્નેહીઓનું દુઃખ ઓછું કરવાના કામમાં વાપરી શકાય છે; તેથી બીજી સખાવતો થઇ શકે છે, ઇત્યાદી.

વળી ખાના ઉપર બાજ ધરી ખોદાની યાદ સાથ ખાનુ ખાધા પછી, રસ્તે ચાલતાં હાલતાં, કલબે કલબ કે એવીજ બીજી રીતે ઢોરની માફક ખાવું માનસાઇ કાયદાથી ઉલટું છે. એવી રીતે ખાવાથી જઠરાગ્ની નિયમસર કામ કરી શકતો નથી, પાચન શક્તિને પોતાની શક્તિ ઉપરાંત મેહનત પડે છે; પણ જે માણસ એવી રીતના ખોરાકને પચાવી શકે તે માણસ "ખાધરો" સમજવો.

સાદો પોશાક.

માણુસનો પોશાક તેના ભિત્તરના આચાર વિચારનું બહારનુ માપ દેખાડે છે. જેવા આચાર વિચાર હોય તેવી જાતનો શોખ હોય, અને શોખ વાતચીત મારફતે અથવા પોશાક મારફતે જાહેર થાય છે. એક સંપૂર્ણતાને ચહાનાર અક્કલવંત માણુસ જેમ ખાવે પીવે તેમજ પોશાકમાં સાદો હોય છે; એક અધુરો, છાલદો, અને ઉછાછલો માણુસ પોતાનું અધુરાપણુ, ઇશ્કી, ત્રીમતરાક, અને ઇતરાટ ભરેલા પોશાક મારફતે જાહેર કરે છે. એક ધર્માભિમાની કે જાતિભિમાન માણુસ પોતાનો બાપીકો સાદો પોશાક પેહરવામાંજ માન, મરતબો અને મોટાઇ સમજે છે; અને તેને તે માન મરતબો અને મોટાઇ બીજા લોકોથી, રાજ-દરબારથી, અંજુમનથી, મલે છે. પણ મહલાજા ભરેલો બાપીકો પોશાક તજવો અને બીજી કોમનો ઇતરાટ ભરેલો પોશાક સજવો, મગજમાં તકોબરી દાખલ થયા સિવાય બનતું નથી. એ ખ્યાલના ભીત્તરમાંજ તકોબરી હોય છે. "મને કોણુ પુછનાર છે?" આ ખ્યાલ દાખલ થતાં, તે કોમની કે લોકોની દરકાર કરતો નથી, અને તે અભીમાનમાં તે વિચીત્ર નકલ કર્યો જાય છે. * તે પોતે પોતાના મનમાં ચાહે છે કે એવા

* જેઓને પોતાના અધિકારની રૂહે ફર્જે પડે છે તેઓને આ બાબદમાં છુટ મુકી શકાશે.

"સુધારા" થી લોકો મને માન આપે; પણ તેજ વેળા તે પોતે પોતાની કોમને અપમાન કરે છે તે ગર્વિષ્ટપણાનાં પડદાને લીધે જોઇ શકતો નથી. આથી તે ઉડાઉપણાના વર્ગમાં આવે છે, તેથી તે જો ધર્મ શાસ્ત્રને માનતો હોય તો, તેની સનમુખ આપણ વંદીદાદની શીખામણ રજુ કરીશું:—

નોઇત્ જી અહુરો મજદાઓ યાઓ ધહુયનામ્ અવરેતનામ પઇતિરિચ્યા દધથે; નોઇત્ અસ્પેરેનો-મજો, નોઇત અવચિનો-મજો; અવંત્ અએષ ચરાઇતિક અવિં-માંમ હરેકે-હરેચ્યાત્.

"અહુરમજદ આપણી પાસે જે [વસ્ત્ર] હોય તેમાંથી કોઇપણી ચીજ રદ કરવા આપતો નથી; અસ્પેરેનાના જેટલી પણ મોટી નહી; કે કાંતનારી કન્યા અવી પ્રમાણ જેમ નાખી દે એટલો (તરાક) પણ નહી."

[વંદીદાદ, ફર્ગરદ ૫, ફ. ૬.]

આ ઉપરથી જોવામાં આવશે કે વસ્ત્ર તેમજ ખોરાક કે પૈસો, કાંઇપણ ચીજ ગેરકાયદે અને બેઅંદાજે વાપરવામાં ફાયદો થવાને બદલે ગેરફાયદો થાય છે. આ બાબત ઉપર ખાસ કરીને ઓરત જાતનું ધ્યાન વિષેશ કરીને ખેંચવામાં આવે છે, કારણ કે કુદરતી રીતે જોતાં એમાં મરદ કરતાં ઓરતનો હાથ વધારે છુટો જણાય છે. પણ આ નાજુક જાત તરફ આપણ જે માન ધરાવીયે છીયે તે તરફ જોતાં

આપણુ તેમને નમ્ર અર્જ કરીશું કે તેઓ આ બાબદમાં દાનાઇ અને દુરંદેશી વાપડે.

તેહેવારો.

તેહેવારો પાલવાની બાબદમાં પણ આપણે સાદાઈજ વાપરવી જોઇયે. હાલમાં આપણે જે રીતે તેહેવારો પાલીયે છીયે તે ધર્મના કાનુનોને અનુસરીને પાલતાં નથી. એ વિષે થોડા વખત ઉપર એક બાબદ ચૅરાગમાં લખાઇ હતી તે આ ઠેકાણે ઉપયોગી થઇ પડશે.

"ઘરના તેહેવારો એવી રીતે ગુજારવા જોઇયે કે બાકીના સઘલા દીવસો જે સંસારી ખટપટોવાળી જીંદગીમાં પસાર થાય છે, તેમાંથી બની આવે તો મોકળા થઇ તે દીવસે પવીત્ર જીંદગી ગુજારી શકાય. 'તેહેવાર' નો અર્થજ એ થાય છે કે 'પવિત્ર દીવસ,' અને પવિત્ર દીવસ ગુજારવો એટલે પવિત્ર જીંદગી ગુજારવી. જ્યારે કોઇ દીવસે આપણી પોતાની જીંદગી કંગાલ ગુજરે છે ત્યારે આપણુ કહીએ છીએ કે 'આજનો દીવસ કંગાલ ગયો,' તેમજ જ્યારે આપણુ ખુશાલીમાં કે ભલી વાતચીત કે મીનોઇ અભ્યાસમાં પસાર કરીયે છીયે ત્યારે કહીયે છીએ કે 'આજનો દીવસ ઘણો સારો ગયો.' આ મુજબ તેહેવાર પાળવો એનો અર્થજ એ થાય કે તે દીવસે બીજા દીવસો કરતાં વધારે પવિત્ર જીંદગી ગુજારવી. પવિત્ર જીંદગી ગુજારવા માટે—અથવા બીજા શબ્દોમાં બોલીયે તો, મનને પવિત્રાઇમાં રોકવા

માટે—ભારી ખોરાક અને જાત જાતના દારૂ ઝેર જેવાં છે એમ સેહેલથી કહી શકાય.

જો કે આ બાબદમાં એક વૈદ્યરાજની સલાહની જરૂર નથી, તે છતાં કોઇ પણ દાકતર આ બાબદમાં પોતાનું મત આપણી તરફેણમાં આપશે. એટલા માટે તેહેવારના દીવસો ઉપર ભારી ખોરાક અને જાતજાતના દારૂને બદલે સાદો ખોરાક લેવાથી આપણી તંદરોસ્તી જાલવવા સાથ મન સ્વચ્છ રહેવાથી મીનોઇ બાબદને લગતો વિચાર કરવાને તે વધારે લાયક થાય છે. ભારી ખોરાકથી ચિત્ત બરાબર રહેતું નથી, અને તેને પચાવવાને જાતજાતના કાતેલ ઝેરી દારૂ પીવાથી આપણી નેમ ઉંધી વળે છે. પણ આખા દીવસ સાદા ખોરાક સાથ ભણુવામાં કે ધર્મ અભ્યાસમાં જીંદગી ગુજારી હોય તો રાત પણ ઘણી ખુશનુમા પસાર થાય છે. એટલુંજ નહી, પણ એવી રીતની ટેવ પાડી હોય તો કોઇ વાર રાત્રે અગમચેતી કે આગાહી પણ થાય. માત્ર ઘણુ ઘણુ ભણી જવાથીજ કાંઇ વળતું નથી ; થોડું ભણવું, પણ તેની સાથે તેની સમજ લેવી વધારે બેહેતર છે. તેહેવારના દીવસોપર બચ્ચાં છોકરાંઓને સાથે લઇ ધર્મ સંબંધી કે નીતિને લગતાં પુસ્તકો વાંચી તેની સમજ લેવાય તો બચ્ચાંના મન ઉપર તેમજ મોટાં માણસના મન ઉપર સારી અસર થાય અને પછવાડેથી જીંદગીમાં ધર્મ જ્ઞાનની ખામીને લીધે જે કેટલાક પસ્તાવાના દાખલાઓ બને છે તેવા દાખલા બનવાનો સંભવ ઓછો રહે.

"ગાહમ્બાર અને જશ્નોના મેલાવડામાં જગતના ભલાં અર્થે સાથે મળી (congregational) 'બંદગી' થાય એવી ગોઠવણો થવી જોઇયે. તેમજ 'હીપહીપ હુરરે' ના તોફાની ખાનાની જગ્યા માત્ર ચાસની કે તદન સાદા ખાનાને આપવી જોઇયે. પણ એવા મેલાવડાઓ તરફ વધારે ખેંચાણ થાય એવા કરવા તેની સાથે તે હીંગામને અનુસરતાં ધર્મ સંબંધી ભાષાણો, અને ભાષણ કર્ત્તા નહી મળે તો, તેને અનુસરતાં વાંચણો થવાં જોઇયે.

"આ સઘળી એલતેમાસો તુરત વેળાની કામ ચલાઉ છે; એમાં ઘણો સુધારો કે વધારો સંજોગો મળતાં કરી શકાય એમ છે. પણ ભલા જરથોશ્તી ટોળામાં જેઓને લાગે વળગે તેઓને અર્જ કરવામાં આવે છે કે જંગલી જમાનાને અનુસરતી રસમો, જે માત્ર એક યા બીજી પ્રજાના સમાગમમાં આવ્યાથી અખત્યાર કીધી હોય, પણ જે વાંધા ભરેલી દેખાય, તે તરક કરી તેની જગ્યા વિવેકથી દરીયાફ્ત કરી જે રીત સારી લાગે—જે રીત આપણને અહુરમજદની વધારે નજદીક જવામાં મદદ કરે—તે રીતો અખત્યાર કરવી વધારે મુનાસેબ છે."*

તેહવારો ઉપર થતાં ભણતરો.

સાથે મળીને કરવાના [congregational] ભણતર માટે આગલ જણાવવામાં આવ્યું છે. જરથોશ્તીઓમાં ચોકસ

* ચેરાગ, ફેબ્રુવારી, ૧૯૦૦.

હીંગામો ઉપર અમુક ભણુતરો અમુક ગેહમાં ભણુવાના મુકરર થયલાં છે. તે ભણુતરો જો જુદા જુદા ટોળાંઓ અથવા મંડળો સાથે મલી એક ઉચ્ચારે પુરતી ગંભીરાઇથી કરવામાં આવે તો કેટલો ફાયદો થાય ! *

ભણુતરના "વાઇબ્રેશન્સ" આસપાસ ફેલાઇ તે જગ્યાને પવિત્ર કરે, એટલું તો કોઇ પણુ વિચારવંત જરથોશતી કબુલ કરે. પણુ એ સિવાય તે ભણુતરના આવાજનો પ્રવાહ આખાં વિશ્વમાં પંથરાય છે, અને તે જયાં જયાં પંથરાય છે ત્યાં ત્યાં ભણુતરની ભલી અસર પાંથરતો જાય છે. તેથી દુનિયાંમાં આબાદાની પંથરાય છે; તેથી બુરી શક્તિઓનું બળ તુટે છે; તેથી બીજા માણુસોના મન ઉપર સારી અસર પંથરાય છે; તેથી હુશીયારી વધે છે; તેથી કોમમાં મોહોબત વધે છે, ઇત્યાદી.

એક દોરડું તોડવા માટે જો એક જણુ જુદુ જુદુ જોર અજમાવે તો તે તોડવા માટે સઘલાની કોશેશ નિષ્ફળ જાય; પણુ સઘળા સાથે જોર અજમાવે તો તેઓ તે દોરડુ સહેલાઇથી તોડી શકે. તેજ મુજબ જે ભણુતરો સાથે મલી

---

* હમણાની રીતી, જેમાં સાથે મળી બંદગી કરતી વેળા પણુ કોઇ કેમ અને કોઇ કેમ ભણુતર કરે છે, તેથી જોઇયે એવું ફળ નહી મળે એ દેખઇતું છે. મરણુ વખતના જેવા ગંભીર વખતે પણુ પતેત કરવા કોઇ મોબેદ કયારે આવે અને કોઇ કયારે આવે, અને સઘળા એકજ વખતે પતેત પુરી કરે ! એજ દેખાડે છે કે આપણે કયાં ઉભા છીએ.

કરવાનાં હોય તે બનતાં સુધી સાથે મલી એકજ અંતઃકરણથી કીધાં હોય તો તે કેવાં ચમત્કારીક કામો બજાવે છે તેનો એક દાખલો તવારીખે નોંધ્યો છે. *

મોગલ રાજ્યમાં હિંદુસ્થાનમાં આવ્યા પછી પણ જરથોશ્તીઓ ઉપર વારેવાર રાજદ્વારી આફતો આવી પડતી હતી. તેમાંથી તેઓ ગેબી મદદ મેલવી છુટકો મેળવતા હતા. એકવાર એક આતશકદેહ ઉપર એક નવાબના હુકમથી મુસલમાનોએ આખી રાત ઘેરો ઘાલ્યો હતો. મોબેદોએ યજશનેની ક્રિયા માંડી. અલબત જે જીવ સટોસટનો વખત

---

* નૃસિંહ મેહતાનો ગરબો જરથોશ્તી અબળાઓમાં હોંસે હોંસે અને ગંભીરતા સાથ ગવાય છે. આ પવિત્ર નરને તેની જાતવાળાઓ વારેવાર તરેહવાર તાણા મારતા હતા. એકવાર તેને એવી મતલબનો તાણો માર્યો કે તેમનામાં સત હોય તો એક "નવસેરો હાર" હવામાંથી પેદા કરે. "અરે માંગી માંગીને શું રે માંગ્યું, માંગ્યો નવસેરો હાર!" નૃસિંહ મેહતા રાત્રે ભજનમાં બેઠા અને તેમના ચેલાઓ તેમની આસપાસ બેઠા. લોકો જોવાને ઠઠમાર એકઠું મળ્યું. ભજન ચાલ્યું આખી રાત. બામદાદ થવા આવી તોએ હાર મલે નહી; તેથી લોકોને નાસીપાસ થવાનો અને મેહતાજીપર તણા જાણી થવાનો વખત નજદીક આવ્યો. પણ જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ પેલી તરફ ભજન કરવા બેઠેલા ચેલાઓના તાલ અને સુર એવાં તો એક મળી ગયાં કે ગોયા એકજ માણસમાંથી તે તાલ અને સુર નીકળતાં હોય એમ લાગ્યું. આ સઘળું અંતઃકરણના એકત્ર થયા સિવાય બનતું નથી. છેવટે સઘળાની ખુશાલી વચ્ચે હાર પ્રગટ થયો અને નૃસિંહ મેહેતાના ગળાંમાં આવી પડયો!

હતો તે મામલો ધ્યાનમાં લેતાં મોબેદોએ જાનફેશાની સાથ તે ક્રિયા કીધી હોય તે દેખઇતું છે. રાત્રે નવાબના વિચારમાં એટલો ફેરફાર થયો કે બામદાદે ઘેરો કહાડી નાખવાનો હુકમ થયો. થીયોસોફીનો અભ્યાસી એનું કારણ કદાચ તુરત સમજી શકશે.

જો અવસ્તા ભણતર કરતી વેળા ભણનારા પવિત્ર લોકો એકીનદાર, જાનફેશાની કરનાર, ગંભીર અને એક દીલ હોય તો તેઓ નહી શું કરી શકે ? હજી આપણે તેનો કક્કો પણ જાણુતા નથી અને આપણુ અજ્ઞાનપણા અને આપણી આળસાઇ માટે વારેવાર ધર્મને સજા કરવા મેદાન પડીયે છીયે !

નવજોત.

નવજોતનો બનાવ માણુસની જીંદગીમાં ઘણો પવિત્ર ગણાય છે. સરોષ તરફથી ખુદાઇ રોશની જે બસારત રૂપે માણુસને ભિતરમાંથી મળે છે, તેને ઇંગ્રેજીમાં "ઇન્સ્પીરેશન" કહે છે, પણ "ઇન્સ્પીરેશન" માં માણુસ માત્ર મીનોઇ ખ્યાલો મેળવે છે. ઉંચી બસારતમાં તો રવાનની ચશ્મથી રોશની દેખાય છે. હ્યાં આપણી મતલબ ઇંગ્રેજીમાં જેને ઉંચી જાતનું Initiation કહેવામાં આવે છે, જેમાં માણુસ પેગમ્બરી દરજ્જે ચહડતાં એક પછી એક પરદાઓ ખુલતા જાય છે, તેને કહેવામાં આવે છે. એને કદાચ આપણો અવસ્તા-ઝંદ શબ્દ "દક્ષત" લાગુ પડે, જે સંસ્કૃત શબ્દ

"દિક્ષા" ને મળતો આવે છે. "દિક્ષા" નો ઉંચો અર્થ ઇંગ્રેજીમાં Higher Initiation થાય છે. એ વિષેની જરથોશ્તી ખાહેશ કેવી હોવી જોઇયે, તે આપણને પવિત્ર અહુનવદ ગાથા નો એક ફકરો પુરો પાડે છે:—

યેજી અથા સ્તા હુદથીમ મજદા અષા વોહૂ મનંઘહા અતતત્ મોઇ દક્તેમ દાતા અહુા અંઘહુઉશ વીસ્પા મએથા યથા વાઓ યજેમ્નશ્ચા ઉર્વાઇદ્યાઓ સ્તવસ્ અયેની પઇતી.

"અગરજો (તું), અએ હોરમજ્દ! ખરેખર એ પ્રમાણે રાસ્તી તથા નેક મનશનીને લીધે છે (ઇઆને તું પોતે રાસ્તી તથા નેક મનશનીનું અલંકાર રૂપ છે) તો, આ દુનિયામાં (મારી) તમામ જીંદગી ગુજરવા બાબે એવી બશારત કર, જેથી વધારે ભક્તિ-ભાવથી તારી પરસ્તેશ કરનાર તથા તારી કીર્તિ ગાનાર તરીકે (હું) તારી નજદીક પહોંચું."

[અહુનવદ ગાથા, હા ૩૪, ફ ૬ઠો.]

એવાં "ઇનીશીએશન"માના કોઇકની ઝાંખી નકલ તે આપણી "નવજોત" ક્રિયા હોય એમ લાગે છે. પણ એ "ઝાંખી નકલ" માંથી સુદ્ધાં પુષ્કળ ખુબી સમજી શકાય. એક જરથોશ્તીની જીંદગીમાં આ બનાવ મોટામાં મોટો ગણાવો જોઇયે—તે એક બાળકને દીનમાં દાખલ થવાનો વખત છે કે જયારથી તે ખુદાઇ કાયદામાં—દીનમાં—દાખલ થાય છે, અને પોતાના કર્મને માટે જવાબદાર થાય છે; અને તે સાથે તેને પેલી મહાન "દક્ષત" (દીક્ષા અથવા initiation) તરફ પોતાની નજર રાખવાની છે કે જેની

બસારત મારફતે પોતાના ગુરૂ **જરથોશ્ત** અથવા **સરોષ** તરફથી મીનોઇ જ્ઞાન મેળવી અહુરમજ્દની સનમુખ સંપૂર્ણ અશો થઇ ઉભો રહેવાને તે લાયક થાય.

ખરેખર આપણી જીંદગીનો આ એક મહાન બનાવ છે. આ નાનો વિષય લખવાની મતલબ પણ આ "સોનેરી દરવાજા" માં દાખલ થઇ-આ મીનોઇ મહેલની બહારની દરબારમાં દાખલ થઇ-કેવી રીતની જીંદગી ગુજારવી જોઇયે તેનો કાંઇક ઝાંખો ખયાલ મેલવવાની છે.*

કેટલીકવાર નવજોત વગેરે હીંગામો માટે જે ખરચો કરવામાં આવે છે તે વાજબી રીતે થવાને બદલે માત્ર સગાં-સ્નેહી અને દોસ્ત આસનાવોમાં કીર્તી મેળવવાની નેમમાં ખરચાય છે. એવી ક્રિયાઓ પાંચ માણસની "અંજુમન" સન્મુખ તો થવી જોઇયે, પણ પાંચને બદલે પાંચસો માણસોને લખલૂટ ખરચથી જમાડવાને બદલે આ પવિત્ર બનાવની યાદમાં ખરેખરાં ભૂખે મરતાં અને મોહોતાજમંદ માણસોમાં તે પૈસો વપરાયો હોય તો તે કેટલો ફાયદો કરે તે કહેવાઇ શકાતું નથી.

તે સાથે જેને જોગવાઇ હોય તે જો પોતાના બાળકની નવજોત સાથ કોઇ ગરીબોના બાળકની નવજોત કરી આપે તો વધારે ફાયદો થાય.

---

* જુવો "નવજોત પોથી," તથા ચેરાગ, જાનેવારી ૧૯૦૮.

શાહદી—લગ્ન.

માણુસની જીંદગીની અંદર બીજો પવિત્ર બનાવ લગ્ન છે. માણુસ જાતમાં લગ્નની મૂળ નેમ માણુસ પેદા કરવાની છે. **પેદા કરનાર** પેદા કરવાના સાધન વગર કોઇ ચીજ પેદા કરી શકે નહી—પેદા કરવાને કોઇ સાધન જોઇયે. માણુસને પેદા કરવાને **પેદા કરનાર** માટે માણુસ જેવુંજ સાધન જોઇયે. તે માણુસની મારફતે માણુસ પેદા કરે. એટલા માટે માણુસ પેદા કરવાની નેમ—બીજા શબ્દોમાં બોલીયે તો લગ્નની નેમ—ખુદાઇ છે ; એટલા માટે તે પવિત્ર છે. એ શિવાય બીજી મતલબ માત્ર હેવાનીયત ગણાય. એટલા માટે લગ્ન વખતે ધર્મક્રિયાની જરૂર છે—એટલા માટે ચોકસ સંજોગ વખતે ભણવાની નીરંગ સુધાં જરથોશ્તી ધર્મમા આપવામાં આવી છે. પણ અફસોસ ! ફરેશ્તાઇ રહેવાને બદલે, આપણુ એક એવા જમાનામાં રહીયે છીયે કે, હેવાનીઅત માણુસના ધર્મ તરીકે પસાર થાય છે ! આપણુને જાનવરી નહીં, પણ ફરેશ્તાઇ ફરજંદો પેદા કરવાનાં છે. તે માટે તેવીજ રીતની જીંદગી માબાપોએ ગુજારી, તેવાજ કાયદાઓ શોધી કહાડી તે કાયદા ઉપર અમલ કરી તેવી રીતનાં ફરજંદોની વૃદ્ધિ કરવી જોઇયે. આ માત્ર નાનો વિષય છે એટલા માટે એમાં આ મહાન બાબત વિષે વધુ વીસ્તારી શકાતું નથી. નવજોતના લખલુટ ખરચો માટે જે વિચારો જણાવ્યા છે તેજ અત્રે પણ લાગુ પડે છે. બલકે વધુ :

જરથોસ્તીઓમાં જેટલો ઉડાઉ અને લખલુટ ખરચ—કેટલીકવાર અવિચારી ખરચ—લગ્ન અથવા શાદી રામશનીને નામે થાય છે, તેટલો બીજા કોઈ હીગાંમ ઉપર થતો નહી હશે. ગરીબો તેમાં પાયમાલ થઇ જાય છે.

લગ્ન જે ઉપર જણાવ્યા પ્રમાણે એક ખુદાઇ બનાવ છે તેણે બજારી સોદાનું રૂપ પકડયું છે. વર વેચાય છે, કણ્યાના બાપ દંડાય છે! જે કામ કુદરતી નજરે જોતાં કોઇ મોટા ખરચ વગર થવું જોઇયે, તે કામમાં કુટુંબો તારાજ થાય છે. જે કામથી એક સંસાર સુલેહ ભરેલો અને સુખવાસી થવો જોઇયે, તે કામ જુદાઇ પેદા કરનાર થઇ પડયું છે.

જેમ બીજી બાબદોમાં પરહેજગારીની જરૂર જણાવવામાં આવી છે, તેમ લગ્નની મતલબ પેશ પાડવામાં પણ જો સાદાઇ અને પરહેજગારી પાલવામાં ન આવે તો, તેથી દુઃખ અને સંતાપ આવી મલે.

પાશ્ચાત અભિપ્રાયોથી બીહીને આપણા લોકોએ લગ્નના સંબંધમાં ઘણીક ક્રિયાઓ રદ કીધી છે, અને બજારના દલાલો જેમ "હથેવારો" મેળવી સોદો નક્કી કરે છે તેમ એક હથેવારો રાખી બાકીની ક્રિયા ધીમે ધીમે રદ કરવામાં આવે છે. પણ તે છતાં ખરચ તો વધતા જાય છે. તેનું કારણ એ કે, જે કાંઇ મીનોઇને લગતી રીતભાત અને ઓછા ખરચની, તેની જગ્યા ગેતીને લગતી રીતભાતો, અને વધારે ખરચાલુ, આમેજ થતી જાય છે. આજના

કપડાં અને જણસો તરફ નજર કરો—તકલીફી અને ખરચાલુ—અને ખાનપાન તરફ નેગાહ પોંહોચાડો—તે સઘળું અ-જરથોશ્તી દેખાશે. એક જરથોશ્તી ખાનુ, ખાંનગી કે જાહેર, કુટુંબમાં કે બહાર, સાદુ હોવા સાથ, આજ ઘરીને પુરતી ગંભીરાઇથી લેવાવું જોઈયે. ઉપર કહ્યા પ્રમાણે લગ્ન એક પવિત્ર બનાવ છે. તેમાં પરણતાં જોડાંની આસ-પાસ ફરેસ્તાઓની દુવા મેલવવા તેમની આમદાની થવી જોઇયે; જે માટે ત્યાં આતશ, લોબાન, ફુલ, ઇત્યાદીની ખુશબો રાખવામાં આવે છે. આ ઠેકાણે ગંભીર શાન્તી, માંથ્રના કલામો, આશીર્વાદો, ઇત્યાદીની જરૂર છે. પણ એક બાજુ આ પવિત્ર ક્રિયા ચાલતી હોય, ત્યારે બીજી બાજુ, તુરત કે પછી, દારૂ સાથના ખાણામાં "હુરરે" ના પોકારો, બુમ બરાડા, તરેહવાર ઠઠા મશકરી, આ પવિત્ર હિંગામને ફરેસ્તાઇ કરતાં દેવયસ્ની દેખાવનું રૂપ આપે છે! આપણને આ દુનિયાંને બેહેશ્ત બનાવાનું છે તે શું "હીપહીપ હુરરે" થી બની શકશે?

ફીશીયારી અને ફૅશન બતાવવાને ઘણા માણસોને એજન કરી ફેસ્તો અને ફાર્સ કરવાને બદલે, ગુંજાસ મુજબ માણસોની અંજુમન બોલાવવાથી વધારે સારી રીતે મેનેજ થઇ શકે, અને હીંગામ વધારે સમાધાની ભરેલો અને ખરેખર ધર્મી રીતે પસાર થઇ શકે.

પરણેલી જીંદગી.

પરણ્યા પછી કામીક ખવાસ જાગૃત થતાં માણુસ ઇશ્કી થાય એ સ્વાભાવીક છે. પણ તેને વશ થવાને બદલે જે તેને કાબુમાં રાખે તે ખરો જરથોશ્તી. તેને વશ કરવાને બદલે તેને જે વશ થાય તે નહીં. આ ખવાસ માણુસને મતાંદ્ધ, ઉડાઉ, અવિચારી, ગર્વીષ્ટ, ઇત્યાદી બનાવે છે, અને તેથી તે પોતાના ગજા ઉપરાંત ખરચ સાથ મોજીલી જીંદગી ગુજારવા પડે છે. ઘણા વર્ષ નહી જાય તે આગમચ તે પોતાની ભૂલ જોય છે; પણ તે ભૂલ ઘણી મોડેથી જોય છે.

એટલા માટે દરેક જરથોશ્તી જુવાનને પોતાના સ્વભાવ ઉપર ખુબ બારીકીથી અને ચોકસાઇથી નજર રાખવાનો જે વખત છે તે આજ વખત છે. એ રંગીલી જીંદગીના શીહા ગારમાંથી જેમ દુર રહેવાય તેમ ઠીક. આ તે વખત છે કે જે વખતે પોતાના માબાપ કે વાલીની રાહબરી અને સલાહ અને પનાહની ઘણીજ જરૂર છે; પણ અફસોસ સાથ જોવું પડે છે કે આજે જે વખત એવી વડીલોની પનાહપોશીની, સલાહની, અને મદદની ઘણી જરૂર, તેજ વખતે જરથોશ્તી જુવાનો તે છોડી જાય છે, અને પછી તેમની ચીંતાતુર થઇ પડેલી હાલત વિષે તો તેઓજ જાણે!

મરણ પછી.

મરણ એક કુદરતી બનાવ છે. જે જન્મે તે મરે. જેણે જન્મ લીધો તે મરવાને કાજે. પણ મરણ એટલે શું?

તે માત્ર શરીર જે જુદાં જુદાં ખાકી તત્વોનું બનેલું છે તે ખાકી તત્વોને છુટાં પડવાનો વખત આવવાથી રવાનનું તે છોડી જવું—આ બનાવને આપણે મરણ કહીયે છીયે. રવાન જે ખરેખરૂં માણુસ છે, જે અમર છે, તે કાંઇ મરતું નથી. આટલી સેહેલી વાત મરણ વખતે ભુલી જવાય છે, અને માણુસને અનદીઠ દુનિયાંમાં પાસ થઇ જતાં—તેને આ દુ:ખીયારી દુનિયાંમાંથી સુખવાસી હાલતમાં દાખલ થતાં—ગોયા કાંઇક મોટી આફ્ત આવી પડી હોય એવી રીતે રડાકુટ અને તોફાણ મચાવવામાં આવે છે. મતલબ એ કે જાણે સગાં વહાલાંઓ અને દોસ્ત આસનાવો, પોતાના સ્વાર્થને માટે, ગોયા ગુજર પામનારને સુખવાસી મુકામ (બેહેસ્ત) માં જવા દેવા ઇચ્છતાં નથી! તેમના તોફાણ, રડાકુટ, અને કલાપીટની કુદરત કાંઇ દરકાર કરનાર છે? તે માણુસની મુર્ખાઇ અને અજ્ઞાનપણા ઉપર હસે છે!

શું આ ઢોંગ માત્ર લોકોને જણાવવાને નથી હોતો? પોતાની મોહરદારના મરણ પછી ઘણું તોફાન મચાવનાર અને ઘણું રડનારને આપણે બે ચાર મહીનામાં બીજી બઇરી કરી લાવતાં જોયા છે!

પણ આપણે હ્યાં એક જુદીજ બાબત ઉપર બોલવાનું છે. પોતાને મનગમતી ચીજોના ખાન-પાનના ફુવારા ઉડે છે, તે એટલાં સુધી કે મોહલ્લાના ભીખારી અને ઢોર પણ ધરાઇ જાય—અને તે ખરચ "બાજ રોજગારને ખાતે" ઉધારવામાં આવે છે!

આપણુ ઇચ્છીશું કે એક મરનારની પાછલ એક વર્ષમાં આપણા જરથોશ્તીઓ ખાનપાન અને મીષ્ટાન ઉપર જે ખરચ કરે છે, તેનો અરધોજ ભાગ મરનારની નૈયતે ગરીબો અને ભુખે મરતાંઓને ઇંજાયલું ભોજન જમાડવામાં, અને કોઇ જાણુકાર પવિત્ર મોબેદ શોધી કહાડી તેની પાસ ઘટતી ક્રિયા અને ભણુતર ભણાવવામાં ખરચાય. જો જરથોશ્તીઓ પોતે ખાઇપીને તે ખરચ મરનારને ખાતે ચહડાવતા હોય તો તેઓ એક જાતનો ગુનાહ કરે છે. આ દુનિયાંમાં થયલાં કામો, ક્રિયાઓ કે ભણુતરોની જે અસર રવાનને પહોંચે તે માટે કેટલો ખરચ થતો હશે તેની તપાસ લેવા બેસીયે તો તે ઘણું કરી નિર્જીવ ખરચમાં આવે. ખરેખર રવાનને મદદ મળે તે માત્ર એક સ્વચ્છ અંતઃ-કરણમાંથી નીકળતા મોહોબતના ઉભરાની, તેવા ઉભરા સાથ ભણેલી માંથ્ર વાણીની, અને જો તે રવાનનું ધ્યાન આ દુનિયામાં રહેલું હોય તો કાંઇક દરાન–મેજ સાથની ક્રિયાની. આ માટે શું સેંકડો રૂપિયાના ખર્ચની જરૂર છે? ખચિત નહી.

ગુજર પામેલાં રવાન પાછળ પવિત્રાઇ, પ્યાર અને દીલશોજીથી જે ક્રિયા ભણુતર વગેરે થાય, તે સીવાય બીજા ખરચો, મેહેનત અને ઉપકાર કરવા જેવા દેખાવો કરવા તે ફોકટના છે એટલુંજ નહીં, પણ કેટલીકવાર તો તે ગુજર-નારના હકમાં ફાયદાને બદલે નુકશાન કરનારા હોય એમ કહી શકાય. ક્રિયાને લગતી બાબદો માટે જેટલી આતુરતા

બતાવવામાં આવે તેટલી ક્રિયા કરનાર લાયક મોબેદ શોધી કહાડવામાં બતાવવામાં આવે તો મોટો ફાયદો થાય.

❀

આ વિષય લખવાની મૂળ નેમ એ છે કે જરથોસ્તી ટોળામાં ધર્મને બહાને, સર અવસરે, અને બીજે બહાને હાલ મોજ મજાહ વધી પડી છે. જે મોજમજાહો અસલ તાલેવંતો નહીં ભોગવતા હતા તે હમણા ગરીબ જરથોસ્તીઓ શોધે છે. આથી જરથોસ્તીઓ **ધર્મી એટલે સાદી અને પવિત્ર જીંદગી** ગુજારતા બંધ પડતા જાય છે. આ ફાની દુનિયાંમાં દુનિયાઇ લાલચો અને મોજ મજાહોમાં વધારે ગરકાવ થવું એ ખુદાથી દુર થવા બરાબર છે. સૃષ્ટિમાં મીનો અને ગેતી બે ધ્રુવો છે. જો મીનો તરફ જવું હોય તો ગેતીથી દુર થતા જવું; જો ગેતી તરફ જઇયે તો મીનોથી દુર થવુંજ જોઇયે. મીનોઇ જીંદગી એટલે અહુરમજદને લગતી જીંદગી ગુજારવાની દરેક જરથોસ્તીની ફરજ છે, અને તે સાદાઇ અને પવિત્રાઇમાં સમાયલી છે. તેમાં અટકાવ નાખનાર ગોયા અહુરમજદના કામમાં અટકાવ નાખે છે, જે આપણે આગળ જોઇ આવ્યા છીયે.

એક અષો માણસ કેટલી બધી મીનોઇ શક્તિ ધરાવે છે તેનો ખ્યાલ જેઓ શરિરનાંજ બળને માત્ર જોર ગણતા હોય તેઓને આવે નહી. શરીરનું બળ માત્ર હેવાની બળ છે--તે તો બલદ અને ઘોડાને પણ હોય--પણ મીનોઇ બળ

મીનોઇ દુનિયાંમાં જે કામ બજાવે છે તેનો ખ્યાલ સાધારણ માણસને આવે નહીં. એવો અષો માણસ પોતાની સ્વચ્છ મનશક્તિને લીધે આ દુનિયાંના પિતા જેવો છે—તે ધર્મનું અને ટોળાનું રક્ષણ કરનાર છે—-તે બચાવનાર છે.

ફ્રષુમાઓ અસ્તી અષવા વૅરૅથ્રજાઓ વહિસ્તો ફ્શુશે ચરેકેરેમહી.

હે પતા ગેઉશ્ચા અષંઘહાચા અષઓનસ્ચા અષા વઇર્યાઓસ્ચા સ્તોઇશ.

હુઇથ્યાઓ વંધ્હુદાઓ ચેજહે વે મસાનસ્ચા વંઘહાનસ્ચા સ્રયનસ્ચા ચરેકેરેમહી.

હેચા ના ફ્રષુમાઓ નીશંધહરતુ હે ઍઁથ્યાક્ષયતુ હદ્દા અષાચા, વાસ્રાચા ફ્રારાઇતિચા વિદીષ્યાચા અઇનિતિચા આથ્રાચા અહુરહે મજદાઓ.

"અશો માણુસ આબાદી કરનાર, ફતેહમંદ, તથા સર્વોત્તમ છે. અમો પણ તેવી અશોઇ ધરાવા ઇચ્છીએ છીએ.

"તે અશો માણુસ અશોઇની પુઠે ચાલવાથી દુનિયાંનો તથા અશો (અહુરમજ્દ) ની અશોઈની મરજી પ્રમાણે ચાલનારી પેદાએશનો પીતા છે.

"અશો માણુસ ખરેખરૂં ભલું આપનારો છે, જેની મોટાઇ, ખુબી તથા શોભાને તમારામાં અમો ઇચ્છીએ છીએ.

"અશો માણસ અશોઇથી, ઉદ્યોગથી, સખાવતથી, જ્ઞાનથી, નમ્રતાથી તથા અહુરમજ્દના આતશથી અમોને હમેશાં બચાવશે તથા સંભાળશે."

[યજશ્ને, હા ૫૮.]

અલબત અષો જીંદગીના જે ફાયદાઓ અત્રે દર્શાવ્યા છે તે અગણીત ફાયદાઓમાંના બહુ થોડા છે. તે સર્વેનું વિગતવાર અને વિસ્તીર્ણ વર્ણન કરવાને જેમ મારી અદના કલમ અશકત છે, તેમજ આ વિષય પૂરતો નથી, કે જે વિષય એક નાના ભોમિયા તરીકે જરથોશ્તી ઘરોમાં જવાબ દેનાર છે. પણ આ નાની પોથીથી કોઇક જરથોશ્તીને આ દુનિયાના લોભ લાલચથી દુર રહેવાને, અથવા મીનોઇ જીંદગી તરફ તેનું ધ્યાન લઇ જવાને, કોઇ વારબી મદદ મળશે, તો તેથી આપણુ કામ પાર પડેલું સમજીશું.